અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ જુલાઈ ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, જેઠ વદ ૧૪
વર્ષ : ૧૫
અંક : ૩૩૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વિપક્ષના વોકઆઉટ મુદ્દે મોદીએ કહ્યું તેમને ભાગી જતા જ આવડે છે

## જનતાનો જનાદેશ વિપક્ષ પચાવી શકતા નથી : વડાપ્રધાન મોદી

### સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે : મોદી : રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી સ્થગિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો રાજ્યસભામાં જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે. મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ રહી છે. તો જમ્મુ કાશ્મીરમાં પણ ૧૦ વર્ષમાં ત્યાં આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.આતંકવાદ અને અલગતાવાદનો હવે અંત આવી રહ્યો છે. આજે પ્રવાસન ત્યાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે અને રોકાણ વધી રહ્યું છે. રાજ્યસભામાં પીએમ નરેન્દ્ર મોદીના લગભગ ૩ કલાક લાંબા સંબોધન બાદ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. તેની સાથે રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવાઈ છે. ઉપરાષ્ટ્રપતિ અને ગૃહના અધ્યક્ષ જગદીપ ધનખરેએ વિપક્ષના વોકઆઉટ પર નારાજગી દર્શાવતા કહ્યું કે, બધા સાંસદો બોલી શકે તે માટે ગઈકાલે મોડી રાત્ર સુધી ગૃહ ચાલુ રાખ્યું. પરંતુ વિપક્ષે જે રીતે વર્તન કર્યું છે તે મારુ નહી પણ સદનનું અપમાન કર્યું હોય તેવુ છે. વિપક્ષે ગૃહ નહીં મર્યાદા છોડી. આજે બંધારણનો અનાદર થયો છે. હું વિપક્ષના વોકઆઉટની નિંદા કરું છું. બંધારણ એ કંઠસ્થ કરવા માટેનું પુસ્તક નથી પણ યાદ રાખવા માટે છે. બંધારણનું પુસ્તક હાથમાં રાખવાનું નથી. તેને અનુસરવાનું છે. વિપક્ષ તેમના વર્તન અંગે મંથન કરશે, દિલને ઢંઢોળશે અને આત્મ કર્તવ્ય પર આવશે. ઉપાધ્યક્ષની વિપક્ષને કરેલ



ટકોર બાદ, વડાપ્રધાને તેમનુ સંબોધન આગળ વધારતા કહ્યું કે, ૧૪૦ કરોડની જનતાએ જે જનાદેશ આપ્યો છે તેને પચાવી શકતા નથી. ગઈકાલે તેમના તમામ પેતરા નિષ્ફળ ગયા છે આથી આજે તેઓ મેદાન છોડીને ભાગી ગયા છે. હુ ડિબેટમાં સ્કોર કરવા નથી આવ્યો. હુ તો સેવક છુ. વડાપ્રધાને તેમના સંબોધન દરમિયાન કહ્યું કે, દેશ જોઈ રહ્યો છે કે, જુઠ્ઠાણા ફેલાવનારાઓ સાચુ સાંભળી શકતા નથી. તેમણે ઉઠાવેલા સવાલોનો જવાબ સાંભળવાની તાકાત નથી. આ અપર હાઉસનુ અપમાન કરી રહ્યાં છે. દેશની જનતાએ દરેક રીતે તેમને પરાજીત કર્યા છે કે તેમની પાસે ગલી મહોલ્લામાં ચીથરેબાજી સિવાય કશુ બચ્યું નથી. નારેબાજી, હોબાળો કરવો અને ભાગી જવું એ જ તેમને આવડે છે. વડાપ્રધાને કહ્યું કે, નાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપીને તેમની સમસ્યાનો ઉકેલ કર્યો છે. તેમને લોન લેવામાં ભારે તકલીફ થઈ રહી હતી. પરંતુ સરકારે અપનાવેલી નવી નીતિને કારણે કિસાન ક્રેડિટ કાર્ડ આપીને તેમની સમસ્યાનો કાયમી અંત લાવ્યા છીએ. માછીમારોને પણ કિસાન ક્રેડિટ કાર્ડમાં આવરી લેવાયા છે.

બંધારણને લઈને પીએમ મોદીના સંબોધન દરમિયાન વિપક્ષના સાંસદોએ હોબાળો શરૂ કર્યો હતો. ગઈકાલે પણ વિપક્ષી સાંસદોએ લોકસભામાં સતત હોબાળો મચાવ્યો હતો. આજે પણ રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો છે. પીએમ મોદીએ રાજ્યસભામાં કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષોમાં સમર્પણ અને સતત સેવા સાથે કરવામાં આવેલા પ્રજાલક્ષી કામને જનતાએ દિલથી સમર્થન આપ્યું છે. દેશની જનતાએ તેમના આશીર્વાદ આપ્યા છે.



### બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ટુર્નામેન્ટ હાલમાં જ પૂરી થઈ અને ભારતે આ ટુર્નામેન્ટ જીતી લીધી. જેમાં બોલરોનું જબરદસ્ત પરફોર્મન્સ જોવા મળ્યું. જો કે બેટર્સ માટે આ ટુર્નામેન્ટ થોડી પડકારજનક રહી. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ ટીમ ઈન્ડિયાએ જીત્યો અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર થયો. બુમરાહે આ એવોર્ડ જીતતાની સાથે જ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે કઈક એવું કર્યું કે જે કોઈ કરી શક્યું નથી.

### હાથરસ દુર્ઘટનાને લઈ તંત્ર અને સરકાર એક્શન મોડમાં

## હાથરસ દુર્ઘટના મામલે સત્સંગમાં આયોજકો સામે ફરિયાદ નોંધાઈ

### હાથરસ દુર્ઘટનાના મામલે આગરાના એડીજી અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં ટીમ બનાવાઈ

। (એજન્સી) હાથરસ, તા.૩ ।

ઉત્તરપ્રદેશના હાથરસમાં સર્જાયેલી નાસભાગની દુર્ઘટનાથી આખો દેશ હચમચી ગયો છે. ધાર્મિક સત્સંગમાં મચેલી નાસભાગમાં લગભગ ૧૨૧થી વધુ લોકો જીવ ગુમાવી ચૂક્યા છે ત્યારે તંત્ર અને સરકાર એક્શન મોડમાં દેખાઈ રહી છે. દુર્ઘટના પાછળના જવાબદાર લોકો સામે કાર્યવાહી કરતાં પોલીસે સત્સંગના આયોજકો સામે એફઆઈઆર નોંધી લીધી છે. જોકે એફઆઈઆરમાં ચોંકાવનારું એ રહ્યું કે બાબાનું નામ જ તેમાં સામેલ નથી. ઉલ્લેખનીય છે કે મુખ્ય પ્રવચનકર્તા સૂરજપાલ ઉર્ફે ભોલે બાબાના મુખ્ય સેવાદાર સહિત અન્ય આયોજકો સામે આ મામલે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. હાથરસમાં આ સત્સંગનું આયોજન સિંકદરારાઉમાં આવેલ ફુલરઈ મુગલગઢી ગામમાં મંગળ મિશન સદભાવના સમાગમ સમિતિ દ્વારા કરાયું હતું. તેના મુખ્ય આયોજક દેવપ્રકાશ મધુકર (એન્જિનિયર) હતા. તેમની સાથે સહ આયોજકોમાં મહેશ ચંદ્ર, અનાર સિંહ, સંજુ યાદવ, ચંદ્રદેવ અને રામપ્રકાશ સામેલ હતા. પોલીસે તમામ આરોપીઓ સામે કેસ નોંધી લીધો છે. આ મામલે ઉત્તરપ્રદેશની સરકારે એક્શન લેતા તપાસ માટે આગરાના એડીજી અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં એક ટીમ બનાવી હતી.

#### મોટા નેતાઓ પણ ભોલે બાબાના દરબારમાં આપે છે હાજરી

**હાથરસમાં સત્સંગમાં ભાગ લેનારા સ્વયંભૂ સંત ભોલે બાબાના ૧૧૬ થી વધુ અનુયાયીઓએ જીવ ગુમાવ્યો હતો. પોતાને વિશ્વ હરિના ચોકીદાર ગણાવતા સ્વયં ઘોષિત સંત એક સમયે પોલીસમાં નોકરી કરતા હતા. તેણે શરૂઆત ૨૬ વર્ષ પહેલા પટિયાલી તાલુકાના એક ગામમાં એક ઝૂંપડીમાંથી કરી હતી. હવે તો મોટા નેતાઓ પણ તેમના દરબારમાં હાજરી આપે છે. સાકાર વિશ્વ હરિ ભોલે બાબાના સત્સંગમાં નાસભાગમાં ૧૧૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બાબાના આ સત્સંગનું આયોજન સિકંદરરાવના ફૂલરાઈ વિસ્તારના રતિભાનપુરમાં કરવામાં આવી રહ્યું હતું. માનવામાં આવી રહ્યું છે કે આ અકસ્માતમાં મૃત્યુઆંક વધી શકે છે. આ ભયાનક અકસ્માત બાદ મીડિયાથી દૂર રહેનારા ભોલે બાબા ફરી ચર્ચામાં આવ્યા છે. સ્વયંભૂ સંત ભોલે બાબા એક સમયે પોલીસમાં નોકરી કરતા હતા. હવે તે પોતાને ભગવાનનો ચોકીદાર કહે છે. જો કે તેમના અસંખ્ય ભક્તો માને છે કે ભોલે બાબા ભગવાનનો અવતાર છે.**

### રાજ્યસભામાં પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું

## દારૂથી પાણી સુધી કૌભાંડ AAP એ કર્યા, ફરિયાદ કોંગ્રેસે કરી અને ગાળો મને

### મોદીએ કોંગ્રેસ પાર્ટીને સવાલ કર્યો કે જે પુરાવા તેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ આપ્યા હતા તે ખોટા હતા?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસની સાથે સાથે આમ આદમી પાર્ટીને પણ આડે હાથ લીધી. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર બોલતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ AAP ની ફરિયાદ કરી અને તેને કોર્ટ સુધી ઢસડી. હવે જ્યારે કાર્યવાહી થઈ રહી છે ત્યારે ગાળો તેમને આપવામાં આવી રહી છે. પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટીને સવાલ કર્યો કે જે પુરાવા તેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ આપ્યા હતા તે ખોટા હતા? પીએમ મોદીએ કહ્યું કે 'કેન્દ્રની તપાસ એજન્સીઓ પર આરોપ લગાવવામાં આવ્યા છે. કહેવાયુ છે કે સરકાર તપાસ એજન્સીઓનો દુરઉપયોગ કરી રહી છે. ભ્રષ્ટાચાર કરે 'આપ', આપની ફરિયાદ કરે કોંગ્રેસ, આપને કોર્ટમાં ઢસડીને લઈ જાય કોંગ્રેસ અને હવે કાર્યવાહી થાય તો ગાળો આપે મોદીને. હવે પરસ્પર સાથી બની ગયા છે આ લોકો.' પીએમ મોદીએ આમ આદમી પાર્ટીને કહ્યું કે તે કોંગ્રેસ પાસે જવાબ માંગે. જ્યારે કોંગ્રેસને પણ સ્પષ્ટ કરવાનું કહ્યું કે જે આરોપ તેમણે લગાવ્યા હતા તે સાચા હતા કે ખોટા. તેમણે કહ્યું કે, હું આમ આદમી પાર્ટીવાળાને કહેવા માંગુ છું કે હિંમત હોય તો સદનમાં ઊભા થઈને કોંગ્રેસ પાસે જવાબ માંગો. કોંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ કરીને છઈઁ ના કૌભાંડોના પુરાવા દેશ સામે રજૂ કર્યા હતા. હવે એ જણાવે કે આ જે પુરાવા તેમણે દેખાડ્યા હતા તે સાચા હતા કે ખોટા. મને વિશ્વાસ છે કે આવી ચીજોનો જવાબ આપવાની હિંમત નથી. આ લોકોનું બેવડું વલણ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, દિલ્હીમાં ઈડી-સીબીઆઈની કાર્યવાહી પર હાય તોબા મચાવે છે અને એ જ લોકો તે એજન્સીને કેરળના મુખ્યમંત્રીને જેલમાં મોકલવાની વાત કરે છે. ત્યારે લોકોના મનમાં એ સવાલ ઉઠે છે કે તેમાં પણ બેવડું વલણ. છત્તીસગઢમાં કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી સાથે દારૂ કૌભાંડ જોડાયું.

### ન્યૂઝ બ્રિફ

#### દિલ્હી એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન પ્લેનના વ્હીલમાં આગ લાગી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સોમવારે રાત્રે જર્મનીના મ્યુનિકથી આવેલા લુફથાન્સા એરલાઈન્સના છ-૩૮૦ પ્લેનના એક વ્હીલમાં અચાનક આગ લાગી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, લેન્ડિંગ સમયે પ્લેનમાં લગભગ ૪૯૦ મુસાફરો સવાર હતા. જો કે, વિમાન એરપોર્ટ પર સલામત રીતે ઉતરવામાં સફળ રહ્યું અને તમામ મુસાફરો સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

#### સંયુક્ત રાષ્ટ્રના પાકિસ્તાન સરકાર પર ગંભીર આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન છેલ્લા એક વર્ષથી જેલમાં છે. આરોપ છે કે પાકિસ્તાનની વર્તમાન સરકાર દ્વારા ઈમરાન ખાનને બળજબરીથી અને મનસ્વી રીતે જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. પરંતુ તેમને જલ્દી રાહત મળી શકે છે. સંયુક્ત રાષ્ટ્રના માનવાધિકાર કાર્યકારી જૂથે કહ્યું છે કે ઈમરાનને જેલમાં મોકલવો એ આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન છે. યુએન સંગઠને કહ્યું કે ઈમરાન ખાનને પાકિસ્તાનમાં મનસ્વી રીતે નજરકેદ કરવામાં આવ્યો છે. બોડીએ ખાનને તાત્કાલિક મુક્ત કરવાની પણ માંગ કરી છે.

### SIT બનાવી તપાસની માંગ કરાઈ

## હાથરસ અકસ્માત મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો

### હાથરસ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૨૧ લોકોના મોત થયા છે : બાબા સહિત તમામ આયોજકો ફરાર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં સત્સંગ દરમિયાન ફાટી નીકળેલી નાસભાગમાં એક હત્યાકાંડ થયો હતો. અત્યાર સુધીમાં ૧૨૧ થી વધુ લોકોના મોત થયા છે અને ૩૦ થી વધુ લોકો ઘાયલ છે, જેમની સારવાર ચાલી રહી છે. દરમિયાન અકસ્માતનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે અને અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી વકીલ વિશાલ તિવારીએ દાખલ કરી છે. હાથરસ અકસ્માતમાં હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સ્વયં ઘોષિત ભોલે બાબા ફરાર છે, જેની પોલીસે તપાસ હાથ ધરી છે. દાખલ કરવામાં આવેલી અરજીમાં સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ એસઆઈટીની



રચના અને તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે તમામ રાજ્યોને માર્ગદર્શિકા જારી કરવામાં આવે. તેમજ ઘટના સ્થળે તબીબી સુવિધાઓ અંગે શું વ્યવસ્થા કરવામાં આવી હતી તેનો અહેવાલ પણ માંગવામાં આવે. આ મૃત્યુ માટે કોણ જવાબદાર છે તે મોટો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. પોલીસ દ્વારા FIR નોંધવામાં આવી છે. આ એફઆઈઆરમાં મુખ્ય સેવાદાર સહિત અન્ય અજાણ્યા આયોજકોના નામનો ઉલ્લેખ છે, પરંતુ મૃત્યુના સત્સંગમાં ઉપદેશ આપનાર ભોલે બાબાના નામનો ઉલ્લેખ નથી. જો તેને આરોપી બનાવાયો નથી તો શું બાબા પોલીસના રક્ષણમાં ફરાર છે? શું બાબાનું સરકાર સાથે પણ કનેક્શન છે કારણ કે આ બાબાની પીઠ પર ઘણા ડાઘા છે. તેની સામે ૫ કેસ નોંધાયેલા છે. પોલીસ બાબાને શોધી રહી છે અને ૪ જિલ્લામાં દરોડા પાડ્યા છે, પરંતુ બાબા મળ્યો નથી. વહીવટીતંત્રે સત્સંગ સ્થળ પર માત્ર ૮૦ હજાર લોકોને જ મંજૂરી આપી હતી.

#### મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસના ઘણા કેસ સામે આવ્યા

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસના ઘણા કેસ સામે આવ્યા બાદ કેન્દ્ર સરકાર સતર્ક થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઝીકા વાયરસને લઈને તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરી હેઠળ તમામ રાજ્યોને સગર્ભા સ્ત્રીઓમાં ઝિકા વાયરસના સંક્રમણના જોખમને ધ્યાનમાં રાખીને સર્વેલન્સ વધારવા અને સ્ક્રીનિંગ વધારવા માટે સૂચના આપવામાં આવી છે.

### ટીમ ઈન્ડિયાને લેવા માટે ચાર્ટર ફ્લાઈટ પહોંચી

## આખરે ભારત આવવા માટે રવાના થઇ ટીમ ઇન્ડિયા

### ટીમ ગુરુવારે ચાર્ટર ફ્લાઇટ દ્વારા નવી દિલ્હી પહોંચશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

૨૯ જૂને દક્ષિણ આફ્રિકાને હરાવીને ૧૭ વર્ષ પછી T20 વર્લ્ડ કપ જીતનાર રોહિત શર્માના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ તોફાનના કારણે બાર્બાડોસમાં ફસાઈ ગઈ હતી. ટીમ ગુરુવારે (૪ જૂન) ચાર્ટર ફ્લાઈટ દ્વારા નવી દિલ્હી પહોંચશે. આ પછી ખેલાડીઓ અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. એર ઈન્ડિયાની AIC24WC (એર ઈન્ડિયા ચેમ્પિયન્સ ૨૪ વર્લ્ડ કપ) નામની વિશેષ ચાર્ટર ફ્લાઈટ ભારતીય ટીમ, તેના સપોર્ટ સ્ટાફ, ખેલાડીઓના પરિવારો, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના કેટલાક અધિકારીઓ અને ભારતીય મીડિયાને પરત લાવવામાં આવી રહ્યા છે.

ટીમ ઈન્ડિયા રવિવારે ભારત જવા રવાના થવાની હતી પરંતુ તોફાન બેરીલને કારણે તેમને ત્યાં જ રોકાવું પડ્યું. બાર્બાડોસમાં વાવાઝોડાના ભયથી સરકારને એરપોર્ટ બંધ કરવાની ફરજ પડી હતી અને તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.

### ધારાસભ્ય દળની બેઠકમાં લેવાયો નિર્ણય

## હેમંત સોરેન ફરી બનવા જઈ રહ્યા છે ઝારખંડના મુખ્યમંત્રી

। (એજન્સી) રાંચી, તા.૩ ।

હેમંત સોરેન ફરી એક વખત ઝારખંડના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઝારખંડ મુક્તિ મોર્ચા, કોંગ્રેસ અને રાષ્ટ્રિય જનતા દળના ધારાસભ્ય દળોની મળેલી બેઠકમાં હેમંત સોરેનને ફરી એક વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. કથિત જમીન કૌભાંડ કેસમાં સોરેનની ધરપકડ બાદ ચંપાઈ સોરેનને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ત્યારે હવે હેમંત સોરેનને જામીન પર છોડવામાં આવ્યાં હોવાથી ચંપાઈ સોરેન રાજીનામું આપશે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે ચંપાઈને ઝારખંડ મુક્તિ મોર્ચાના (JMM) કાર્યકારી અધ્યક્ષ બનાવી શકે છે. કથિત જમીન કૌભાંડ કેસમાં હેમંત સોરેનને હાઈકોર્ટ માંથી જામીન મળ્યાં બાદ ૨૮ જૂનના રોજ જેલમાંથી છોડવામાં આવ્યાં હતાં. જોકે, હેમંત સોરેનની



ધરપકડ પછી તેમણે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યું હતું. ત્યારબાદ તેમના નજીકના સહયોગી અને મંત્રી ચંપાઈ સોરેનને રાજ્યની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં ૨ ફેબ્રુઆરીના દિવસે રાજ્યના ૧૨માં મુખ્યમંત્રી તરીકે ચંપાઈ સોરેને શપથ લીધા હતા. હાઈકોર્ટમાંથી જામીન મળ્યાં પછી સોરેન ફરી ખુરશી સંભાળી શકશે કે નહીં તેવી અટકળો જોવા મળી છે.

### અમેરિકન યુનિવર્સિટીમાં છેતરપિંડીની ઘટના

## ભારતીય વિદ્યાર્થીએ એડમિશન અને સ્કોલરશીપ મેળવવા કરી છેતરપિંડી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ ।

તાજેતરમાં જ અમેરિકન યુનિવર્સિટીમાં છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વળી, આ કાંડ ૧૯ વર્ષીય ભારતીય વિદ્યાર્થી આર્યન આનંદે કર્યો હતો, જેના કારણે તેનું અમેરિકન ડ્રીમ ચકનાચુર થઈ ગયું છે.

બનાવ અંગે વાત કરીએ તો ભારતના એક વિદ્યાર્થી નામે આર્યન આનંદે અમેરિકાની પેન્સિલવેનિયામાં આવેલી લેહાઈ યુનિવર્સિટીમાં એડમિશન અને રૂ. ૭૦ લાખની સ્કોલરશિપ મેળવવા તેના પિતાનું મૃત્યુ થઈ ગયું હોવાનું બનાવટી સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. આર્યનની યોજના કેટલી જડબેસલાક હતી એનો ખ્યાલ એ વાતે પણ આવે છે કે એણે એના પરિવારના ખોટી આવકના કાગળિયાં રજૂ કર્યા હતા તથા



એના ભારત ખાતેની સ્કૂલના પ્રિન્સિપાલનું નકલી ઈમેઈલ એકાઉન્ટ બનાવીને એના પરથી પોતાની ભલામણના ખોટા પત્રો લેહાઈ યુનિવર્સિટીને મેઈલ કર્યા હતા.

અમેરિકન યુનિવર્સિટીમાં એડમિશન લેવાની યોજનામાં સફળ થનાર આનંદે રેડિટ પર એક મોઘમ પોસ્ટ મૂકી હતી જેમાં એણે 'મેં મારી જિંદગી અને કરિયર જૂઠાણા પર બનાવી છે' એવી કબૂલાત કરી હતી. એને કદાચ એવો અતિઆત્મવિશ્વાસ હતો કે પોતાની ઓળખ છુપાવી હોવાથી એની પોલ ક્યારેય નહીં ફૂટે, પણ કહેવાય છે ને કે શેરને માથે સવાશેર હોય જ છે. એવું જ કંઈક આનંદના કિસ્સામાં પણ બન્યું.

રેડિટના અન્ય એક વપરાશકર્તાએ આનંદની પોસ્ટ વાંચી અને એને શંકા જાગી. આનંદે પોતાની અસલી ઓળખ છુપાવીને એ પોસ્ટ કરેલી હોવા છતાં પેલા યુઝરે ખાંખાખોળા કરીને આનંદનો પત્તો લગાવી દીધો. એણે આના વિશે યુનિવર્સિટીને જાણાવી દીધું અને યુનિવર્સિટીના પોલીસ વિભાગે તપાસ શરૂ કરી, જેના પગલે આનંદની ધરપકડ કરવામાં આવી. આનંદે પોતાનો ગુનો કબૂલ કરતાં કહ્યું હતું કે, મારે કોઈપણ ભોગે વિદેશ જવું હતું અને એ માટે મેં આ કાવતરું કર્યું.



જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ ગાંધીનગર સ્થિત' ફ્લડ કંટ્રોલ સેલ'ની મુલાકાત કરી સમીક્ષા કરી. રાજકોટ, મોરબી, ભાવનગર ઝોનમાં હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવી હતી.

### ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે

# અંબાજીમાં ભાદરવી પૂનમનો ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે

### આ ભવ્ય મેળામાં અંદાજે લાખો યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે ભાદરવી પૂનમનો મેળો યાદગાર બનાવવા માટે કલેકટર, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠક કરી

। (એજન્સી) અંબાજી, તા.૩ ।

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે ૧૨થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે લાખો યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. ભાદરવી પૂનમનો મેળો યાદગાર બનાવવા માટે કલેકટર, દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠક કરી હતી.

અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે. જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અંબાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે, ભક્તોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે. ચાચર ચોકમાં અનેક મંડળો દ્વારા ગરબા ગાયન અને ગરબા રમવાનાં વિશિષ્ટ



આયોજનો થાય છે. વિવિધ સંઘો દ્વારા ભવાઈ તથા રાસ-ગરબાનાં આયોજનો પણ થાય છે. ઢોલ-પ ખવાજ, ત્રાંસા શરણાઈ અને તબલાના તાલે મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ ગરબે ઝૂમે છે. ગામના લોકો આ મેળા દરમિયાન પોતપોતાનાં ઘરો-દુકાનો અને મુખ્ય માર્ગો પર શણગાર અને રોશની કરીને અંબાજી ગામને શણગારે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં ભાદરવી પૂનમનો આ અંબાજીનો મેળો આસ્થા શ્રદ્ધાનું પ્રતીક છે. શ્રદ્ધાળુઓ, માઈભક્તો આ મેળામાં જઈને મા અંબાનાં ગુણગાન ગાઈને, મા અંબાના સાંનિધ્યમાં રહીને ધન્યતા અનુભવે છે.

## હળવદના બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ખોલાયા, ૧૧ ગામને અપાયું એલર્ટ

। (એજન્સી) જુનાગઢ, તા.૩ ।

જુનાગઢ, વિસાવદર, કેશોદ, માણાવદર સહિતના ગામોમાં ભારે ગત ખાબકેલા ભારે વરસાદને કારણે ઘેડ પંથકમાં પાણી ભરાયા છે. સમગ્ર ઘેડ પંથક પાણીમાં ગરકાવ થયો છે. ગામલોકોની સ્થિતિ એટલી કફોડી બની છે કે કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે.જુનાગઢ જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદથી સમગ્ર ઘેડ પંથક જળબંબાકાર થયો છે. ઘેડ પંથકની હાલત એટલી હદે કફોડી થઈ છે કે સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો છે. ચારે તરફ ખેતરો પાણીમાં તરબોળ થયા છે. જ્યા સ્થળ ત્યા જળની સ્થિતિ છે. ઘેડના પીપલાણા ગામમાં કમરસમા પાણી ભરાયેલા છે.

## પાટણના હારીજમાં વીજ કરંટથી બેના મોત થયા

। (એજન્સી)પાટણ, તા.૩ ।

પાટણના હારીજમાં કમનસીબ ઘટના બની છે. હારીજમાં વીજ કરંટથી બેના મોત થયા છે. હારીજના નાણા ગામમાં આ ઘટના બની છે. આ ઘટનામાં પરિવાર લોખંડના પતરા નીચે સૂતો હતો. કુટુંબના ત્રણ સૂતેલા સભ્યોને વીજ કરંટ લાગ્યો છે. વીજ કરંટના લીધે સાસુવહુનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. વીજમીટરમાંથી પસાર થયેલા વાયરમાં કરંટ આવતા શોક લાગ્યો હતો. આમ ચોમાસામાં ખુલ્લા પડેલા વાયર મોતનો સામાન બનીને આવ્યા છે. આ તો એક જ ગામની ઘટના છે. કેટલાય ગામમાં આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે.

### રાજ્ય સરકારે વરસાદના આંકડા કર્યા જાહેર

# ગુજરાતમાં સીઝનનો ૧૭.૮૫ તો સૌરાષ્ટ્રમાં ૨૮.૮૨ ટકા વરસાદ નોંધાયો

### સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ-વંથલીમાં ૧૪ ઇંચ, વિસાવદરમાં ૧૩ ઇંચ અને જૂનાગઢ શહેરમાં ૧૨ ઇંચ વરસાદ ખાબક્યો

। (એજન્સી) સૌરાષ્ટ્ર, તા.૩ ।

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં ૦૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત બારડોલી તાલુકામાં ૨૩૯ મી.મી., ખંભાળિયામાં ૨૨૯ મી.મી., માણાવદર ૨૨૪ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઈંચથી વધુ, નવસારી તાલુકામાં ૨૧૪ મી.મી., કલ્યાણપુર તાલુકામાં ૨૦૦ મી.મી., જલાલપોર તાલુકામાં ૧૯૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં આઠ ઈંચથી વધુ જ્યારે પલસાણામાં ૧૯૦ મી.મી., મેંદરડામાં ૧૮૩ મી.મી., ધોરાજીમાં ૧૭૮ મી.મી., મહુવામાં ૧૭૬ મી.મી., મળી કુલ ચાર તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભેંસાણ તાલુકામાં ૧૭૦ મી.મી., માળિયા મીયાણામાં ૧૬૧ મી.મી.,



મળી કુલ બે તાલુકામાં છ ઈંચથી વધુ, જ્યારે રાજુલામાં ૧૩૯ મી.મી., મોરબીમાં ૧૩૮ મી.મી., તાલાળામાં ૧૩૭ મી.મી., મહુવા ભાવનગર ૧૩૭ મી.મી., ગીર ગઢડામાં ૧૩૪ મી.મી., ઉનામાં ૧૨૨ મી.મી., મળી કુલ છ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત કુતિયાણા, બગસરા, માંગરોળ, કોડીનાર, વાલોડ, દ્વારકા, ખાંભા, જામજોધપુર અને વલસાડ મળી કુલ નવ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ, જ્યારે ઓલપાડ સુરત શહેર, ભાણવડ, હાંસોટ, ગણદેવી, કામરેજ, જેતપુર, કાલાવડ, ઉપલેટા, રાણાવાવ, સુત્રાપાડા, માંડવી, કુકાવાવ, અંકલેશ્વર, જામનગર, ખેરગામ, વાપી અને વ્યારાને મળી કુલ ૧૮ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ જ્યારે ટંકારા, જામકંડોરણા, કપરાડા, જોડીયા, ધારી, ભરૂચ, હળવદ, પોરબંદર, ચીખલી, જેશર, જાફરાબાદ, સોનગઢ, ઉમરગામ, લાલપુર, ઉમરપાડા, માંગરોળ, અમરેલી અને ડોલવણ મળી કુલ ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૩૯ તાલુકામાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૮૫ ટકા નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્રમાં ઝોનમાં ૨૮.૮૨ ટકા, કચ્છમાં ૨૫.૧૦ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૧૦.૯૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

### કેબિનેટ બેઠકમાં મંજૂરી

# ગુજરાતમાં કુલ ૨૪૭૦૦ જગ્યા ઉપર શિક્ષકોની ભરતી થશે

### ટેટ અને ટાટ પાસ ઉમેદવારો માટે ખુશીના સમાચાર

### સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતીને લઇને તૈયારી

। (એજન્સી) ગાંધીનગર, તા.૩ ।

રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સમયબદ્ધ આયોજન માટેના સૂચિત ભરતી કેલેન્ડરને આખરી ઓપ આપ્યો છે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોર તેમજ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના સીધા માર્ગદર્શન હેઠળ આ સૂચિત ભરતી કેલેન્ડરનાં સમયબદ્ધ અમલીકરણ થકી આગામી ઓગષ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન જુદી-જુદી સંભવિત તારીખોએ વિવિધ જગ્યાઓ પર અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરીને ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યના યુવાઓના વિશાળ હિતમાં કરેલા આ મહત્વપૂર્ણ આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી. ભરતી પ્રક્રિયાના સૂચિત કેલેન્ડર અનુસાર ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય (HMAT PASS ઉમેદવારો)ની ૧૨૦૦ જેટલી અંદાજિત સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની અંદાજિત ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૮/૨૦૨૪ રહેશે. ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક (TAT HIGHER SECONDARY પાસ ઉમેદવારો)ની કુલ મળીને અંદાજે ૪૦૦૦ જેટલી જગ્યાઓ જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૭૫૦ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૩૨૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે તેની સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૯/૨૦૨૪ રહેશે. આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ ૩૫૦૦ જગ્યાઓ માટેની જાહેરાતની સંભવિત તા.૦૧/૧૦/૨૦૨૪ રહેશે જેમાં સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૫૦૦ જગ્યા અને ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૩૦૦૦ જગ્યા માટે ભરતી જાહેરાત થશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૭૦૦૦ જગ્યાઓ માટેની સંભવિત ભરતી જાહેરાતની તા. ૦૧/૧૧/૨૦૨૪ રહેશે.

# ભારે વરસાદથી ઘેડ પંથક થયો પાણીમાં ગરકાવ

### ગામલોકોની સ્થિતિ એટલી કફોડી બની છે કે કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે

। (એજન્સી) જુનાગઢ, તા.૩ ।

જુનાગઢ, વિસાવદર, કેશોદ, માણાવદર સહિતના ગામોમાં ભારે ગત ખાબકેલા ભારે વરસાદને કારણે ઘેડ પંથકમાં પાણી ભરાયા છે. સમગ્ર ઘેડ પંથક પાણીમાં ગરકાવ થયો છે. ગામલોકોની સ્થિતિ એટલી કફોડી બની છે કે કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે.

જુનાગઢ જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદથી સમગ્ર ઘેડ પંથક જળબંબાકાર થયો છે. ઘેડ પંથકની હાલત એટલી હદે કફોડી થઈ છે કે સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો છે. ચારે તરફ ખેતરો પાણીમાં તરબોળ થયા છે. જ્યા સ્થળ ત્યા જળની સ્થિતિ છે. ઘેડના પીપલાણા ગામમાં કમરસમા પાણી ભરાયેલા છે. ગામનો એકપણ રસ્તો એવો નથી જ્યા પાણી ન ભરાયા હોય. પીપલાણા ગામમાં એક મહિલાનું અવસાન થતા પૂરના પાણી વચ્ચેથી તેની અંતિમ યાત્રા કાઢવાની ફરજ પડી છે. ગામલોકો પૂરના પાણીમાંથી મહિલાની અંતિમ ક્રિયા માટે અર્થી લઈને પસાર થતા જોવા મળ્યા છે. અંતિમ યાત્રા માટે પણ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે.

દર વર્ષે આ વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જાય છે. દર ચોમાસાએ ઘેડ પંથકમાં આ જ પરિસ્થિતિ સર્જાય છે. આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદનું પાણી પણ ઘેડમાં જ ઉતરી આવે છે અને ગામલોકોને દર ચોમાસાએ ભારે ખાનાખરાબી અને નુકસાન સહન કરવાનો વારો આવે છે. દર વર્ષે ભરાતા પાણીની સમસ્યાથી આ વિસ્તારના લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને પૂરના પાણીની સમસ્યામાંથી કાયમી નિજાત આપવાની પ્રશાસન પાસે માગ કરી રહ્યા છે. ગામને જોડતો પૂલ બનાવી એક ફલડ પ્રોટેક્શન વોલ બનાવાવાની રજૂઆત સંસદ સુધી પહોંચી છે પરંતુ આ વોલની મંજૂરી ક્યારે મળે છે તે જોવુ રહ્યુ.

## છેલ્લાં ચાર દિવસથી વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

હવામાન વિભાગ દ્વારા આજે પણ અમદાવાદ શહેરમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં અવી હતી. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ બપોર થતા વરસાદી માહોલ જામ્યો હતો અને ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદની શરૂઆત થઈ છે. અમદાવાદ શહેરમાં પણ છેલ્લાં ચાર દિવસથી વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.એસજી હાઈવે, વસ્ત્રાપુર, સેટેલાઈટ, એલિસબ્રિજ, પાલડી, આશ્રમરોડ, જમાલપુર, નરોડા, નિકોલ, સરદારનગર, નોબલનગર, કોતરપુર, જોધપુર, બોપલ, ઓઢવ, વિરાટનગર ગોમતીપુર, મણીનગર, દાણીલીમડા, લાલ દરવાજા સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે અને ગઈકાલે સાંજ પછી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મેઘરાજાએ બેટિંગ કરી હતી અને ૨ કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. ત્યારે આજે પણ હવામાન વિભાગે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જેને પગલે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ બપોર થતા વરસાદી માહોલ જામ્યો હતો અને ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદની શરૂઆત થઈ છે.

## દેવભૂમિ દ્વારકામાં આર્યુવેદિક સિરપના નામે આલ્કોહોલનો વેપલો ઝડપાયો

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૩ ।

ગાંધીના ગુજરાતમાં દારુબંધીનો થોડા સમયથી કડક અમલ શરુ કરવામાં આવતા બંધાણીની પ્યાસ બુઝાવવા કેટલાક લેભાગુઓ દ્વારા આર્યુવેદિક સિરપના નામે આલ્કોહલનો વેપલો શરુ કરી યુવાધનને બરબાદ કરી રહ્યા છે. દેશી દવાના નામે લાયસન્સ મેળવી પીવા યોગ્ય નથી તેવા મિથાઈલ આલ્કોહલથી સિરપનું ધુમ વેચાણ થઇ રહ્યું છે. ત્યારે આવામાં દેવભૂમિ દ્વારકામાં કબ્જે કરાયેલી ૯૦ બોટલમાં આલ્કોહોલ હોવાનું ખુલ્યું દેશભરના લોકો માટે પવિત્ર યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં જ આયુર્વેદિક દવાની આડમાં આલ્કોહોલ યુક્ત પીણાંનો ગેરકાયદે ધંધો ચાલી રહ્યો હતો. જામખંભાળિયા પોલીસે તપાસ કરતા કેટલાક શકસો સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક દવાની આડમાં આલ્કોહોલ યુક્ત પીણાંનો વેપાર કરી સમાજ ના લોકો ના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોવાનું બહાર આવ્યું હતું. જેને આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી જામખંભાળિયા ના પ્રકાશ કે આચાર્યના મકાન પર દરોડો પાડયો હતો. અહીથી પોલીસે સુંનિદ્રા amb Pharma તથા અસ્વસ્વ શ્રી આયુર્વેદિક હેલ્થ કેર વડોદરા ગુજરાતની મળી ને ૧૩,૪૦ રૂ ની કિંમત ની ૯૦ બોટલો કબ્જે કરી હતી.પોલીસે આ કેસ માં પ્રકાશ આચાર્ય સહિત ૮ આરોપી ની ધરપકડ કરી હતી. આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## વિશેષ

### પ્રાકૃતિક ખેતીમાં પાક સંરક્ષણ માટેના ઉપાયો વિશે જાણી લો

# પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છો ? પાકને રોગ અને જંતુઓથી કેવી રીતે બચાવશો ?

। આલેખન : મિનેશ પટેલ (માહિતી) અમદાવાદ ।

જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત જેવા આયામોના ઉપયોગ દ્વારા પ્રાકૃતિક ખેતીમાં વધુ અને સારી ગુણવત્તાવાળું ઉત્પાદન મેળવી શકાય છે. પરંતુ ઘણીવાર વિવિધ પ્રકારની જીવાતો, જીવજંતુઓ અને ફૂગના લીધે ખેડૂતોને ઉત્પાદન ઓછું કે નબળી ગુણવત્તા વાળું મળે છે. પ્રાકૃતિક ખેતીમાં પાકને રોગમુક્ત કરવા અને પાક સંરક્ષણ વધારવા માટેના ઉપાયો પણ ઉપલબ્ધ છે.

નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, ફૂગનાશક દવા દ્વારા ખેડૂતો પાકને જીવજંતુઓ અને રોગોથી બચાવી શકે છે. તો ચાલો જાણીએ કેવી રીતે ઘરે જ બનાવી શકાય આ દવાઓ અને કયા રોગમાં કઈ દવાનો ઉપયોગ કરી શકાય ?

**૧. નીમાસ્ત્રઃ**

**ઉપયોગ :-** ચૂસીયા પ્રકારની જીવાતો અને નાની ઈયળોના નિયંત્રણ માટે

**બનાવવાની રીતઃ**

- પાંચ કિ.ગ્રા. લીમડાના લીલા પાન અથવા પાંચ કિ.ગ્રા. સૂકાયેલી લીંબોળી લઈને તેને ખાંડીને રાખવી. ૧૦૦ લીટર પાણીમાં આ ખાંડેલ લીમડો અથવા લીંબોળીનો પાવડર નાખવો. એમાં ૫ લીટર ગૌમૂત્ર અને ૧ કિ.ગ્રા. દેશી ગાયનું છાણ ભેળવવું. લાકડીથી તેને મિશ્ર કરી ૪૮ કલાક સુધી ઢાંકીને રાખવું. દિવસમાં ત્રણ વખત હલાવવું અને ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળી લેવું. ત્યારબાદ તેનો પાક પર છંટકાવ કરવો.

**૨. બ્રહ્માસ્ત્રઃ**

**ઉપયોગ :-** કીટકો, મોટી જીવાતો અને ઈયળો માટે.

**બનાવવાની રીતઃ**

૧૦ લીટર ગૌમૂત્રમાં ૩ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને નાખો. એમાં ૨ કિ.ગ્રા. કરંજના પાન નાખો. જો કરંજના પાન ન મળે તો ૩ કિ.ગ્રા. લીમડાના પાનની જગ્યાએ ૫ કિ.ગ્રા. લીમડાના પાન નાખો, તેમાં ૨ કિ.ગ્રા. સીતાફળના પાન ખાંડીને નાખો. ત્યાર બાદ તેમાં ૨ કિ.ગ્રા. સફેદ ધતુરાના ૨ કિ.ગ્રા. પાન ખાંડીને ઉમેરો. હવે આ મિશ્રણને ગૌમૂત્રમાં ભેળવી અને ઢાંકીને ઉકાળવું. આશરે ૩-૪ વખત ઉભરા આવ્યા પછી તેને ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ થવા દો. પછી કપડાથી ગાળીને કોઈ મોટા વાસણમાં ભરીને રાખો. આ થઈ ગયુ બ્રહ્માસ્ત્ર તૈયાર. ૧૦૦ લીટર પાણીમાં ૨-૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

**૩. અગ્નિ અસ્ત્ર (અગ્ન્યસ્ત્ર):**

**ઉપયોગ :-** વૃક્ષના થડ અથવા દાંડીઓમાં રહેતાં કીટકો, કળીઓમાં રહેતી જીવાતો, ફળોમાં રહેતી જીવાતો, કપાસના કાલામાં રહેતી જીવાતો તેમજ બધા પ્રકારની મોટી જીવાતો અને ઈયળો માટે ઉપયોગી.

**બનાવવાની રીતઃ**

૨૦ લીટર ગૌમૂત્ર લો, તેમાં અડધો કિ.ગ્રા. લીલા મરચા ખાંડીને નાખો. અડધો કિ.ગ્રા. લસણ ખાંડીને નાખો. ૫ કિ.ગ્રા. લીમડાના પાન ખાંડીને ઉમેરવા અને આ મિશ્રણને લાકડીથી હલાવવું અને એક વાસણમાં ઉકાળવું. આશરે ૪-૫ વખત ઉકાળ્યા પછી ઉતારી લો. ૪૮ કલાક સુધી તેને ઠંડુ પડવા દેવું. ૪૮ કલાક પછી આ મિશ્રણને કપડાથી ગાળીને એક વાસણમાં ભરીને રાખો. ૧૦૦ લીટર પાણીમાં ૨- ૨.૫ લીટરના પ્રમાણમાં ભેળવીને પાક પર છંટકાવ કરો.

**૪. ફૂગનાશક દવા**

**ઉપયોગ :-** ફૂગ અને ફૂગજન્ય રોગોથી પાકના બચાવ માટે

**બનાવવાની રીતઃ**

૧૦૦ લીટર પાણીમાં ત્રણ લીટર ખાટી છાશ અથવા લસ્સી ભેળવીને પાક ઉપર છંટકાવ કરો. આ ફૂગનાશક છે, સજીવક છે અને વિષાણુરોધક છે. ફૂગ જન્ય પાકરોગોમાં તે ખૂબ જ સારૂં કામ કરે છે.

# ઓસ્ટ્રેલિયાના ભારતીય વિદ્યાર્થીઓને મોટો ફટકો, ફીમાં વધારો કરાયો

## ઓસ્ટ્રેલિયન સરકારે સ્ટુડન્ટ વિઝાની ફીમાં વધારો કર્યો છે, જેના કારણે અન્ય દેશોમાંથી ઓસ્ટ્રેલિયા જતા વિદ્યાર્થીઓને અસર થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ઓસ્ટ્રેલિયામાં વિઝા ફી $710 થી વધારીને $1600 કરવામાં આવી છે. જો આપણે તેને ભારતીય રૂપિયાના સંદર્ભમાં જોઈએ તો, જ્યાં પહેલા ભારતીય વિદ્યાર્થીઓએ લગભગ ૫૯,૨૭૭ રૂપિયા ચૂકવવા પડતા હતા, હવે તેઓએ આ માટે ૧૩૩,૫૮૪ રૂપિયા ચૂકવવા પડશે.૧ જુલાઈના રોજ ઓસ્ટ્રેલિયાથી આવેલા એક સમાચારે ભારતીય વિદ્યાર્થીઓને મોટો આંચકો આપ્યો છે.

ઓસ્ટ્રેલિયન સરકારે સ્ટુડન્ટ વિઝાની ફીમાં વધારો કર્યો છે, જેના કારણે અન્ય દેશોમાંથી ઓસ્ટ્રેલિયા જતા વિદ્યાર્થીઓને અસર થશે. ઓસ્ટ્રેલિયામાં વિઝા ફી $710 થી વધારીને $1600 કરવામાં આવી છે. જો આપણે તેને ભારતીય ચલણના સંદર્ભમાં જોઈએ, જ્યાં પહેલા ભારતીય વિદ્યાર્થીઓએ અંદાજે રૂ. ૫૯,૨૭૭ ચૂકવવા પડતા હતા, હવે તેઓએ આ માટે રૂ. ૧૩૩,૫૮૪ ચૂકવવા પડશે.



ઓસ્ટ્રેલિયન ફેડરલ ગવર્મેન્ટે સ્ટુડન્ટ વિઝા ફીમાં વધારો કરતા કહ્યું કે આનાથી દેશની આવકમાં વધારો થશે, જેનાથી શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થશે. આ ઉપરાંત ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓ માટે લોનની રકમ પણ ઘટશે. ઉપરાંત નવા વિદ્યાર્થીઓને પણ મદદ મળશે. શિક્ષણ પ્રધાન જેસન ડીન ક્લેરે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શિક્ષણ એ આપણા માટે અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સંપત્તિ છે અને આપણે તેની અખંડિતતા અને ગુણવત્તાની ખાતરી કરવાની જરૂર છે. ભારતીય હાઈ કમિશન અનુસાર, ઑસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઑગસ્ટ ૨૦૨૩ માં ૧૨૦,૨૭૭ હતી. વર્ષ ૨૦૨૨માં પણ એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા ગયા હતા. આ પહેલા પણ કેનબેરા (ઓસ્ટ્રેલિયાની રાજધાની) ભારતીય વિદ્યાર્થીઓની પસંદગી રહી છે, પરંતુ ત્યાંની સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય બાદ ઘણા વિદ્યાર્થીઓનું ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ શકે છે.જો કે, કાઉન્સિલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ યેગનેહ સોલતાનપોરે આ નિર્ણયની નિંદા કરી અને કહ્યું કે ફી વધારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર વધારાનું નાણાકીય દબાણ કરશે. તેમણે વધુમાં કહ્યું કે અભ્યાસ માટે આટલા પૈસા ખર્ચ્યા પછી પણ જો કોઈને નોકરી ન મળે તો તે દુઃખ અને ચિંતાની વાત છે. આ જ કારણ છે કે હવે વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા સિવાય અન્ય દેશોમાં તેમના વિકલ્પો જોઈ રહ્યા છે.ઓસ્ટ્રેલિયાના ઈન્ટરનેશનલ એજ્યુકેશન એસોસિએશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ફિલ હનીવુડે મીડિયાને જણાવ્યું કે આ જાહેરાત આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્ર માટે છેલ્લો ફટકો છે.

એ પણ કહ્યું કે અમે ૪૮ બિલિયન યુએસ ડોલર ગુમાવવાનું જોખમ પણ ચલાવી રહ્યા છીએ, આ સિવાય આ પગલું આપણા ભારત-પ્રશાંત પડોશીઓ સાથેના સંબંધોને પણ પ્રતિકૂળ અસર કરશે.

---

**ન્યૂઝ બ્રિફ**

### કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાનની સુરક્ષા વધારાઈ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિંદુઓને લઈને આપેલા નિવેદનને લઈને ઘણો વિવાદ થયો છે. આ બધાની વચ્ચે દિલ્હી પોલીસને ઈન્ટેલિજન્સ વિભાગ તરફથી ઈનપુટ મળ્યા છે કે હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો કોંગ્રેસ નેતા પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આવાસ પર વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ આ વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં ગુપ્તચર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે હિન્દુઓને લઈને નિવેદન આપ્યું હતું. આ પછી દિલ્હી પોલીસને મોડી રાત્રે ઈનપુટ મળ્યા કે હિન્દુ સંગઠનોના નેતાઓ રાહુલ ગાંધી પર હુમલો કરી શકે છે. આ સંસ્થાઓના લોકો નવી દિલ્હી વિસ્તારમાં પોસ્ટર અને બેનરો વગેરે લગાવી શકે છે. રાહુલ ગાંધીના નિવાસસ્થાને બે પ્લાટૂન ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

### દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ વે ડિસેમ્બરથી થઇ શકે છે કાર્યરત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દેશનો સૌથી મોટો એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ ડિસેમ્બરથી કાર્યરત થઈ શકે છે. આ હાઈવે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે મુસાફરીના અનુભવને નોંધપાત્ર રીતે વધારવા માટે તૈયાર છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ મેન્ટમાં આ એક મોટી પ્રગતિ છે. ૧,૩૮૬ કિમીમાં ફેલાયેલ અને નવ તબક્કામાં વહેંચાયેલો આ વિશાળ પ્રોજેક્ટ લગભગ પૂર્ણ થવા પર છે. જેમાં આ વર્ષના અંત સુધીમાં આઠ તબક્કાઓ કાર્યરત થવાની ધારણા છે. હાલમાં એક્સપ્રેસ વેના બે તબક્કાઓ પહેલેથી જ કાર્યરત છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અનુસાર દેશના સૌથી લાંબા એક્સપ્રેસ વે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર ૮૦ ટકાથી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે. જેમાં દિલ્હીથી વડોદરા સુધીના અંદાજે ૮૪૫ કિલોમીટરના ૯૬ ટકા કામનો સમાવેશ થાય છે. બાકીનું કામ પણ સમયસર પૂર્ણ થશે. કેટલાક મહત્વપૂર્ણ વિભાગો ડિસેમ્બર સુધીમાં ખોલવાની અપેક્ષા છે જેમ કે સાપુરથી જવાહરલાલ નેહરુ બંદર (૯૫ કિમી), સુરતથી મુંબઈના વિરાર (૨૯૧ કિમી), ભરૂચથી સુરત (૩૮ કિમી), મધ્યપ્રદેશથી ગુજરાતની સરહદ (૧૪૮ કિમી), અને સવાઈ માધોપુરથી ઝાલાવાડ (૧૫૯ કિમી) આ ઉપરાંત વડોદરાથી ભરૂચ (૮૭ કિમી)નું કામ પૂર્ણ થયું છે. પરંતુ તે હજુ જાહેર જનતા માટે ખોલવાના બાકી છે.

---




નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે કેન્દ્રીય રેલ્વે મંત્રી, પ્રસારણ મંત્રી, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના મંત્રી અશ્વિની વૈષ્ણવે દ્વારા ગ્લોબલ ઈન્ડિયા-AI સમિટનું ઉદ્ઘાટન કરાયું.

---

લોકસભાનું સભ્યપદ લેવાનો મામલો

## જેલમાં બંધ અમૃતપાલ સિંહ પેરોલ ઉપર બહાર આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ખડૂર સાહિબ લોકસભા સીટ પરથી ચૂંટણી જીતીને સરબજીત સિંહ ખાલસાએ સોશિયલ મીડિયામાં માહિતી આપી છે કે તેઓ ૫ જુલાઈએ લોકસભાના સભ્ય તરીકે શપથ લેશે. અમૃતપાલ સિંહને કેટલીક શરતો સાથે ૫ જુલાઈથી ૪ દિવસ કે તેનાથી ઓછા સમયની પેરોલ આપવામાં આવી છે. તે અંગે અધીક્ષક ડિબ્રૂગઢને સૂચિત કરવામાં આવ્યું છે. આ પહેલા પંજાબ સરકારે આસમની ડિબ્રૂગઢ જેલમાં બંધ વારિસ પંજાબ દે સંગઠનના પ્રમુખ અમૃતપાલ સિંહનો લેખિત અનુરોધ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મોકલ્યો હતો. જેમાં અમૃતપાલે અસ્થાઈ મુક્તિ



અથવા તો પછી પેરોલની માંગણી કરી હતી.ડિબ્રૂગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહને અમૃતસર પોલીસ ૫ જુલાઈએ દિલ્હી લઈને આવશે. અહીં તેઓ સાંસદની શપથ લેશે. લોકસભામાં સાંસદની શપથ લીધા પછી અમૃતપાલ સિંહને ફરીથી પરત ડિબ્રૂગઢ જેલમાં લઈ જવામાં આવશે. આ દરમિયાન અમૃતપાલ સિંહને કોઈને પણ મળવાની પરવાનગી હશે નહીં.

---

બિહારમાં બ્રિજ ધરાશાયી થવાનો સિલસિલો યથાવત

## મહારાજગંજના દેવરિયા ગામ પાસે ગંડકી નદી પર બનેલો બ્રિજ ધરાશાયી

। (એજન્સી) પટણા, તા.૩ ।

બિહારમાં બ્રિજ ધરાશાયી થવાનો સિલસિલો ચાલુ છે. અગાઉ છ બ્રિજ ધરાશાયી થયા છે ત્યારે આજે વધુ એક ૩૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી થયો છે. ૧૫ દિવસના ગાળામાં બિહારમાં આ સાતમો બ્રિજ ધરાશાયી થયો છે. ૩ જૂલાઈએ મહારાજગંજના દેવરિયા ગામ પાસે ગંડકી નદી પર બનેલો બ્રિજ ધરાશાયી થયો હતો. જેના કારણે આજુબાજુના ગામો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હજુ સુધી કોઈ જાનહાનિ થઈ ન હતી. હજુ ૧૦ દિવસ પહેલા જ એક બ્રિજ ધરાશાયી થઈ ગયો હતો. ત્યારે ફરી એકવાર ૩૫ વર્ષ જૂનો બ્રિજ ધરાશાયી



થયો છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ કે બ્રિજ બાદ એક પણ વખત તેનું સમારકામ કરવામાં આવ્યું ન હતું. જેના કારણે બ્રિજ ધરાશાયી થયો હતો. સ્થાનિક લોકોએ એમ પણ જણાવ્યું હતું કે અગાઉનો બ્રિજ તૂટી પડવાની ઘટના પણ માટીના વધુ પડતા ધોવાણને કારણે થઈ હતી. આ બ્રિજ પણ માટીના ધોવાણને કારણે ધરાશાયી થયો છે.

---

### IB અને RAWના બે અધિકારીઓને સોંપી મહત્વપૂર્ણ જવાબદારીઓ

## NSA અજીત ડોભાલે પોતાની ટીમમાં કર્યા મોટા ફેરફાર

**વિદેશમાં વિવિધ ભારતીય મિશનમાં, વિદેશ મંત્રાલયમાં અને નવી દિલ્હીમાં વડાપ્રધાન કાર્યાલયમાં પણ નિયુક્ત**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજીત ડોભાલે તેમની NSCS (રાષ્ટ્રીય સુરક્ષા સમન્વય સચિવાલય) ટીમમાં મોટા ફેરફારો કર્યા છે. ઈન્ટેલિજન્સ બ્યુરોમાં વિશેષ નિયામક અને ૧૯૯૦ બેચના IPS ટીવી રવિચંદ્રનને ભારતના નવા ડેપ્યુટી NSA તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૦ બેચના IFS પવન કપૂરને પણ ડેપ્યુટી NSA બનાવવામાં આવ્યા છે. તેઓ વિદેશમાં વિવિધ ભારતીય મિશનમાં, વિદેશ મંત્રાલયમાં અને નવી દિલ્હીમાં વડાપ્રધાન કાર્યાલયમાં પણ નિયુક્ત થયા છે.તેમણે લંડનમાં કોમનવેલ્થ સચિવાલયમાં આંતરરાષ્ટ્રીય સિવિલ સર્વન્ટ તરીકે પણ સેવા આપી છે. તાજેતરમાં ડેપ્યુટી NSA વિક્રમ મિસરીને વિદેશ સચિવ બનાવવામાં આવ્યા છે. આ શ્રેણીમાં, હાલમાં સૌથી વરિષ્ઠ ડેપ્યુટી NSA રાજીન્દર ખન્નાને બઢતી આપીને વધારાના NSA બનાવવામાં આવ્યા છે. હવે NSCSમાં ત્રણ ડેપ્યુટી NSA અને એક વધારાના NSA છે. અજીત ડોભાલ પર વિશ્વાસ વ્યક્ત કરતા પીએમ મોદીએ તેમના ત્રીજા કાર્યકાળમાં પણ તેમને દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બનાવ્યા. પીએમ મોદીના પ્રથમ બે કાર્યકાળ દરમિયાન તેઓ NSA પણ રહી ચૂક્યા છે.અજીત ડોભાલ ૧૯૬૮ બેચના આઈપીએસ અધિકારી રહી ચૂક્યા છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવે છે. ઉત્તરાખંડના પૌરી ગઢવાલમાં ૨૦ જાન્યુઆરી, ૧૯૪૫ના રોજ જન્મેલા ડોભાલને દેશ પ્રત્યેની તેમની વિશિષ્ટ સેવાઓ બદલ ૧૯૮૮માં કીર્તિ ચક્ર એનાયત કરવામાં આવ્યો હતો.


---

મહિલાની સાથે તેના પતિની પણ બદલી કરાઈ । મહિલા કર્મચારીની બેંગ્લોર બદલી કરવામાં આવી

## કંગનાને થપ્પડ મારવાના મામલે CISF મહિલા કર્મીની બદલી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતના નામમાં હવે એક નવી ઓળખ જોડાઈ છે. એક્ટ્રેસ ભારતીય જનતા પાર્ટીમાંથી સાંસદ બની છે. તેમણે હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી લોકસભા ચૂંટણીમાં શાનદાર જીત નોંધાવી છે. ચૂંટણીમાં જીત બાદ પરંતુ શપથ પૂર્વે જ એક્ટ્રેસનું થપ્પડ કાંડ પર જોરશોરથી ચર્ચામાં છે. આ મામલે વધુ એક અપ ડેટ આવ્યું છે. હિન્દી સિનેમાની બેબાક અભિનેત્રી કંગના રનૌતને ચંડીગઢ એરપોર્ટ પર થપ્પડ મારનાર મહિલા CISF કોન્સ્ટેબલ કુલવિંદર કૌરની



બદલી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ મહિલાની સાથે તેના પતિની પણ બદલી કરવામાં આવી છે. ચંદીગઢ એરપોર્ટ પર કંગના રનૌતને થપ્પડ મારવાની ઘટના બાદ કુલવિંદર કૌરને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે હવે તેમને બેંગ્લોર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. કંગનાને થપ્પડ માર્યા બાદ મહિલાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેમણે થપ્પડ મારવાનું કારણ જણાવ્યું હતું. વીડિયોમાં CISF કર્મી કહેતી જોવા મળી હતી કે, ''કંગનાએ MSPના વિરોધ સમયે નિવેદન આપ્યું હતું કે, ખેડૂતોના આંદોલનમાં મહિલાઓ ૧૦૦ રૂપિયા લઈને બેઠી છે. તે સમયે મારી માતા પણ ખેડૂતો આંદોલન થકી સરકાર સામે વિરોધ કરી રહી હતી.''

---

## પ્રચંડને હટાવવા માટે કોમરેડ ઓલી અને નેપાળી કોંગ્રેસે હાથ મિલાવ્યા હતા

**નેપાળમાં રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે, દેશની બે સૌથી મોટી પાર્ટીઓ નેપાળી કોંગ્રેસ અને CPN-UML વચ્ચે સમજૂતી થઈ**

। (એજન્સી) નેપાળ, તા.૩ ।

નેપાળમાં રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. દેશની બે સૌથી મોટી પાર્ટીઓ નેપાળી કોંગ્રેસ અને CPN-UML વચ્ચે સમજૂતી થઈ ગઈ છે. પક્ષોએ વર્તમાન વડાપ્રધાન પુષ્પ કમલ દહલ 'પ્રચંડ'ની આગેવાની હેઠળની ગઠબંધન સરકારને ઉથલાવવાનો નિર્ણય કર્યો છે.

આ માટે, બંને પક્ષોએ નવી 'રાષ્ટ્રીય સર્વસંમતિ સરકાર' બનાવવા માટે મધ્યરાત્રિએ સત્તા-વહેંચણી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. પૂર્વ વિદેશ મંત્રી નારાયણ પ્રકાશ સઈદના જણાવ્યા અનુસાર નેપાળી કોંગ્રેસના અધ્યક્ષ શેર બહાદુર દેઉબા અને કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ યુનિફાઈડ માર્ક્સિસ્ટ



લેનિનિસ્ટ (CPN-UML)ના પ્રમુખ અને પૂર્વ વડાપ્રધાન કોમરેડ કેપી શર્મા ઓલી સોમવારે મધ્યરાત્રિએ નવું ગઠબંધન બનાવવા માટે સહમત થયા હતા બની હતી. નેપાળી કોંગ્રેસના કેન્દ્રીય સભ્ય સઈદે જણાવ્યું હતું કે ૭૮ વર્ષીય દેઉબા અને ૭૨ વર્ષીય ઓલી સંસદના બાકી રહેલા કાર્યકાળ માટે વારાફરતી વડા પ્રધાન પદ વહેંચવા માટે સંમત થયા છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં સૌથી મોટી પાર્ટી નેપાળી કોંગ્રેસ (HoR) પાસે હાલમાં ૮૯ બેઠકો છે જ્યારે CPN-UML પાસે ૭૮ બેઠકો છે. બે મુખ્ય પક્ષોની સંયુક્ત સંખ્યા ૧૬૭ છે, જે ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાં ૧૩૮ બેઠકોની બહુમતી માટે પૂરતી છે. બંને પક્ષો વચ્ચે સંભવિત નવા રાજકીય જોડાણ માટે પાયો નાખવા માટે બંને નેતાઓ શનિવારે પણ મળ્યા હતા, જેના પગલે ઓલીની સીપીએન-યુએમએલએ પ્રચંડની આગેવાની હેઠળની સરકારને સમર્થન આપ્યાના ચાર મહિના પછી જ તેના સંબંધો સમાપ્ત કર્યા હતા. મંગળવારે થયેલી સંભવિત સમજૂતી હેઠળ, CPN-UMLના વડા ઓલી સંસદના બાકી રહેલા કાર્યકાળના પ્રથમ તબક્કામાં સરકારનું નેતૃત્વ કરશે. સઈદે કહ્યું કે બંને નેતાઓ રોટેશન દ્વારા દોઢ વર્ષ માટે વડાપ્રધાન પદ વહેંચવા માટે સંમત થયા છે. મીડિયા રિપોર્ટ્સમાં બંને પક્ષોના કેટલાક વરિષ્ઠ નેતાઓને ટાંકીને કહેવામાં આવ્યું છે.

---

મુંબઈનો ગોખલે બ્રિજ તૈયાર છે

## BMCએ ભૂલ સુધારી જેના માટે તેની મજાક ઉડાવવામાં આવી હતી

**૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ જ્યારે મુંબઈમાં ગોખલે બ્રિજને બે વર્ષ પછી જાહેર જનતા માટે ખુલ્લો મૂકાયો**

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ જ્યારે મુંબઈમાં ગોખલે બ્રિજને બે વર્ષ પછી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો, ત્યારે તે અંધેરીના રહેવાસીઓ માટે આનંદની ક્ષણ હતી. કારણ કે તેમને આશા હતી કે આ બ્રિજ ટ્રાફિક જામમાં ઘટાડો કરશે અને પૂર્વ-પશ્ચિમ અંધેરીને જોડવા માટે એક મહત્વપૂર્ણ લિંક બનશે. જો કે, પ્રવાસીઓને ટૂંક સમયમાં જ ખબર પડી કે આ એક પુલ છે જે ક્યાંય લઈ જતો નથી. કારણ કે ગોખલે બ્રિજ, જેને BMCએ 'એન્જિનિયરિંગ માર્વેલ' તરીકે વર્ણવ્યું હતું અને કનેક્ટિંગ ફ્લાયઓવર - સીડી બરફીવાલા બ્રિજ વચ્ચે છ ફૂટનું અંતર હતું.આ પુલ મેમ મટીરીયલ બની ગયો. વિપક્ષી દળોની ટીકાનો સામનો કર્યા પછી અને ઈન્ટરનેટ પર હાસ્યનો સ્ટોક બન્યા પછી, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) એ આખરે રેકોર્ડબ્રેક ૭૮ દિવસમાં ગોખલે બ્રિજ અને સીડી બરફીવાલા બ્રિજ વચ્ચેનું ૬ ફૂટનું અંતર પૂરું કરવાનું પડકારજનક કાર્ય પૂર્ણ કર્યું છે. જો કે, જ્યારે



BMCએ આ બ્રિજને એક્સ પર ટ્રાફિક માટે ખોલવાની જાહેરાત કરી, ત્યારે અંધેરીના રહેવાસીઓએ ફરીથી આનંદ માણવાની તક ગુમાવી નહીં. BMCએ ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું છે કે ગોખલે બ્રિજ રેકોર્ડ સમયમાં તૈયાર છે.BMCની એક્સ-પોસ્ટનો જવાબ આપતાં એક મુંબઈકરે લખ્યું, 'અદ્ભુત, વિલંબને રેકોર્ડ બ્રેકિંગ કહેવાય છે'. બીજાએ લખ્યું, 'અભિનંદન! આ કાર્યને સાયન્સ મ્યુઝિયમ માટે નામાંકિત કરવું જોઈએ. અન્ય યુઝરે લખ્યું ૨૦૧૮ માં, પુલનો એક ભાગ તૂટી પડ્યો હતો, જેમાં બે લોકો માર્યા ગયા હતા. નવેમ્બર ૨૦૨૨ થી, ગોખલે બ્રિજ તેની જર્જરિત સ્થિતિને કારણે વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો.નવા પુલને આ વર્ષે ફેબ્રુઆરીમાં લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેના બાંધકામમાં મોટી

## તંત્રી લેખ...

# પોતાના પહેલા જ સંબોધનમાં રાહુલ ગાંધીએ નિરાશ જ કર્યા

વિરોધ પક્ષના નેતા તરીકે પોતાના પહેલા જ સંબોધનમાં રાહુલ ગાંધીએ નિરાશ જ કર્યા. તેમણે કોઈ છાપ છોડવાને બદલે ટકરાવ અને કલેશ પેદા કરવાનું કામ કર્યું તેમણે કહ્યું કે જેઓ પોતાને હિંદુ કહે છે તેઓ ૨૪ કલાક હિંસા અને નફરત કરે છે. જ્યારે તેમના આ કથન પર વાંધો ઉઠાવવામાં આવ્યો ત્યારે તેમણે સફાઈ આપી કે ભાજપ અને આરએસએસ જ હિંદુ નથી. આ નિષ્કર્ષ તો ઠીક છે, પરંતુ શું તેઓ એ સાબિત કરવા માગે છે કે જે પણ હિંદુ ભાજપ અને આરએસએસ સાથે જોડાયેલો છે, તે ૨૪ કલાક હિંસા અને નફરત કરે છે? સંભવ છે કે તેઓ એવું જ માનતા હશે, પરંતુ તેમણે યાદ રાખવું જોઈએ કે હાલની લોકસભા ચૂંટણીઓમાં ભાજપ ને લગભગ ૨૪ કરોડ મતદારોએ વોટ આપ્યા છે. શું રાહુલ ગાંધી એમ કહેવા માગે છે કે આ બધા એ હિંદુ છે, જે ૨૪ કલાક હિંસા અને નફરત કરે છે? તેમનો મતલબ જે પણ હોય, તેમના આ કથનથી એટલું તો ખબર પડે જ છે કે તેઓ ભાજપને પોતાના રાજકીય વિરોધી રૂપે નહીં, પરંતુ એક શત્રુ રૂપે જુએ છે અને તેને નફરત પણ કરે છે. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનની શરૂઆત જય સંવિધાનથી કરી અને દાવો કર્યો કે તેમણે તેને બચાવવાનું કામ કર્યું છે. સ્પષ્ટ છે કે તેઓ હજુ પણ ચૂંટણી મુદ્રામાં જ છે. કદાચ આ જ કારણે તેઓ સદનને બદલે કોઈ ચૂંટણી સભામાં સંબોધન કરતા હોય તેવું જ લાગ્યું. એ ઠીક છે કે ચૂંટણી દરમ્યાન પણ તેમણે બંધારણ ખતરામાં હોવાનો હાઉ ઊભો કર્યો હતો અને માનવામાં આવે છે કે તેનાથી તેમને થોડો રાજકીય લાભ પણ મળ્યો, પરંતુ જો તેઓ બંધારણના એટલા જ મોટા હિતેચ્છુ અને રક્ષક હોય તો પછી એ કટોકટીની ટીકા તેઓ કેમ સહન ન કરી શક્યા, જે તેમનાં દાદીએ દેશ પર થોપીને બંધારણને બદલી નાખવાનું કામ કર્યું હતું, બલ્કે એવી વ્યવસ્થા પણ બનાવી દેવામાં આવી હતી કે કોઈપણ અદાલત સંસદમાંથી પસાર કોઈ કાયદાની સુનાવણી નહીં કરી શકે. આખરે તેને તાનાશાહી સિવાય બીજું કશું કહી શકાય? શું એ હાસ્યાસ્પદ નથી કે રાહુલ ગાંધી એક તરફ બંધારણ બચાવવાનો દાવો કરી રહ્યા છે અને બીજી રફ એ જ બંધારણને કચડી નાખનારી કટોકટીની ટીકાને બિનજરૂરી ગણાવી રહ્યા છે? એવું નથી કે રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા કરતી વખતે રાહુલ ગાંધી સરકારની ટીકા નહોતા કરી શકતા, પરંતુ તેમણે દેખાડ્યું કે તેમનો ઉદ્દેશ્ય સરકારની ટીકા કરવાનો ઓછો, પરંતુ જનતાને ગુમરાહ કરવાનો વધારે છે. એ જ કારણ તેમણે ત્યાં સુધી જૂઠાણું ચલાવી દીધું કે જો કોઈ અગ્નિવીરનો જીવ જાય તો તેના સ્વજનને સરકાર કોઈ વળતર નથી આપતી.

## બંધારણનો મૂળ આધાર સનાતન છે જે આત્માની જેમ અજરઅમર છે

નવી લોકસભાની રચના બાદ જ્યારે સંસદનું સત્ર શરૂથયું તો વિપક્ષી દળના સાંસદોએ બંધારણને ઉપયોગ નવા રાજકીય ઓજાર રૂપે કરવાનું શરૂ કર્યું. બંધારણની નકલ લઈને શપથ લેવાનું શરૂ કર્યું. બંધારણને લઈને ચૂંટણી સમયે જે ચર્ચા આરંભ થઈ હતી તે લોકસભા સુધી પહોંચી ગઈ. બંધારણ પર ચર્ચા અને તેને બચાવવાના દાવા સાથે ઉત્સાહિત વિપક્ષે નવી લોકસભામાં સેંગોલની સ્થાપનાને લઈને પણ પ્રશ્ન ઉઠાવ્યો. સમાજવાદી પાર્ટી ઉત્તર પ્રદેશમાં પોતાની સફળતાથી ઉત્સાહિત છે. સમાજવાદી પાર્ટીના સાંસદ આર.કે. ચૌધરીએ સંસદમાં સેંગોલની જગ્યો બંધારણની નકલ મૂકવાની વાત કહીને નવા વિવાદને જન્મ આપ્યો. તેમણે કહ્યું કે સેંગોલ રાજા મહારાજા સમયે હતું. સમાજવાદી પાર્ટીના સાંસદે સેંગોલને લઈને જે ટિપ્પણીઓ કરી તેના પર વિચાર કરવાની જરૂર છે. પહેલી વાત તો ૧૯૫૦માં બંધારણ લાગુ થયા બાદથી જ દેશ બંધારણથી જ ચાલી રહ્યો છે. જો કટોકટીના કાળખંડને છોડી દઈએ, જ્યારે બંધારણની પ્રસ્તાવનાને ન માત્ર ગેરકાયદે રીતે બદલી નાખવામાં આવી, બલ્કે બંધારણે આપેલા નાગરિક અધિકારોને પણ ખતમ કરી દેવામાં આવ્યા હતા, પ્રેસ પર સેન્સરશિપ લાગુ કરી દેવામાં આવી હતી, બંધારણમાં સંશોધન પણ કરવામાં આવ્યાં. શાહ બાનો મામલે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ બંધારણને બદલવામાં પણ આવ્યું. આ ઘટનાઓ સિવાય બંધારણ ક્યારેય ખતરામાં નથી આવ્યું. બીજી વાત જે આર.કે. ચૌધરીએ કહી કે સેંગોલને પુરોહિતોના કહેવા પર તૈયાર કરવામાં આવ્યું. આ તથ્યથી વિપરીત વાત છે. સેંગોલથી સત્તા હસ્તાંતરણનો પ્રસ્તાવ ચક્રવર્તી રાજગોપાલાચારની પહેલ પર થયો હતો. સેંગોલથી સત્તા હસ્તાંતરણની પરંપરા ચોલ રાજવંશમાં હતી, તેને સ્વતંત્ર ભારતમાં સનાતન સાથે જોડાઈને અપનાવવામાં આવ્યું હતું. થિરુવાવડુથુરઈ અધિનમ તમિલનાડુના શિવભક્તોનો એક મોટો અને પ્રભાવશાળી સમૂહ છે. આ સમૂહ સનાતનમાં આસ્થા ધરાવતા પછાત સમુદાયનો છે. સમાજના આ હિસ્સાને સેંગોલ બનાવવા અને સત્તા હસ્તાંતરણ સમારોહની જવાબદારી આપવામાં આવી જે બિનબ્રાહ્મણ હતા, પરંતુ શિવ અને સનાતનમાં તેમની આસ્થા હતી. કહી શકાય કે જ્યારે આર.કે. ચૌધરી બોલી રહ્યા હતા ત્યારે સ્પષ્ટ થઈ રહ્યું હતું કે તેઓ સેંગોલ વિશે સમગ્ર તથ્યોથી અજામ હતા. તેઓ પોતાની રાજનીતિ કરવા માટે પોતાની સુવિધા અનુસાર વાતો રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આર. કે. ચૌધરીના આ નિવેદન બાદ કેટલાક રાજકીય વિશ્લેષક પણ પોતપોતાની રીતે સેંગોલને હિંદુ ધર્મ પ્રતીક ગણાવીને તેના વિરોધની રાજનીતિને હવા આપવા લાગ્યા. એક ઉત્સાહી વિશ્લેષકે તો ત્યાં સુધી કહી દીધું કે સેંગોલની સ્થાપના સમયે જે પ્રકારે સનાતન ધર્મના ગુરુઓ સાથે વડાપ્રધાન મોદીએ સંસદ ભવનમાં પ્રવેશ કર્યો હતો, તે પંથ નિરપેક્ષ બંધારણને અનુકૂળ નથી. વડાપ્રધાન સુદ્ઘાંને સલાહ આપવામાં આવી કે તેમણે આ પ્રકારે હિંદુ ધર્મ પ્રતીકોના જાહેર પ્રદર્શનથી બચવું જોઈએ. તેમને લાગે છે કે સેંગોલ સ્થાપના કે નવા સંસદ ભવનના શુભારંભના અવસર પર કરવામાં આવેલ આયોજન હિંદુ વોટ બેંકને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું. જ્યારે પણ આ પ્રકારની ટિપ્પણી સાંભળવા મળે છે, ત આ રાજકીય વિશ્લેષકોની 'ખટાખટ' બુદ્ધિ પર હસવું આવે છે. આજે જે લોકો બંધારણની વાતો કરી રહ્યા છે, તેને હાથમાં લઈને સોગંદ ખાઈ રહ્યા છે, તેમના અને તેમના રાજકીય વિશ્લેષકોને બંધારણની નકલ ખોલીને જોવું જોઈએ. આંબેડકરની આગેવાનીમાં જ્યારે બંધારણનું માળખું તૈયાર થઈ ગયં હતું, ત્યારે બંધારણ સભામાં તેની સાજ સજ્જાને લઈને ચર્ચા થઈ હતી. સદસ્યો સાથે ચર્ચા બાદ એ નક્કી થયું કે પ્રખ્યાત ચિત્રકાર નંદલાલ બોઝ પાસે તેની સાજ સજ્જા કરાવવી જોઈએ. બંધારણને જોઈએ તો તેનો જે ભાગ ત્રણ છે, જેમાં મૌલિક અધિકારોની ચર્ચા કરવામાં આવી છે, એ ભાગના આરંભમાં પ્રભુ શ્રીરામ, સીતા અને લ-મણની અયોધ્યા વાપસીનાં ચિત્ર અંકિત છે.

**ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે ઈશ્વર કે સદગુરુ તરફનો આવો જ એક ભાવ ધરાવતી પ્રાર્થના તમે મન મુકીને વરસ્યા!**

# હે સદગુરુ ભગવાન તમે મન મૂકીને વરસ્યા, અમે જનમ-જનમના તરસ્યા, તમે મુશળધારે વરસ્યા



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઋતુ ગમે તે હોય ઈશ્વર કોઈને કોઈ કારણસર હજી પણ કૃપા જ વરસાવે છે, બાકી મનુષ્યએ તો પ્રકૃતિને પ્રતાડિત કરવામાં કંઈ જ બાકી રાખ્યું નથી, પણ હદ તો એ છે કે આ બધું એને હવે જીવનભર દેખાતું જ નથી! અને સમજાતું પણ નથી! અને મહામૂલો મનુષ્ય દેહ આમને આમ સુખ અને બહુ પાછળની દોડમાં પૂરો થઈ જાય છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં સુયોગ થયો અને તલગાજરડા જઈ પૂજ્ય બાપુનાં દર્શનનો લાભ મળ્યો. આપણને તો રાજીપો હોય જ, પણ એમની દ્રષ્ટિમાં પણ રાજીપો જોઈ ધન્યતા અનુભવી, અને ચારેકોર હરીયાળી છવાઈ ગઈ, આ કેવળ ને કેવળ સદગુરુની કૃપાનું કારણ છે. આમ પણ કોઈની પ્રાર્થના સાંભળી હોય એમ ઈશ્વર અત્યારે મહેરબાની થઈ વરસી રહ્યો છે! બાકી માનુષ્યની કરણી એવી હવે રહી નથી! અને છતાં ઋતુ મુજબ એ અનુરાધાર વરસીને આપણને શાંતિ અથવા ઠંડક પ્રદાન કરી રહ્યો છે. જોકે ઋતુ ગમે તે હોય ઈશ્વર કોઈને કોઈ કારણસર હજી પણ કૃપા જ વરસાવે છે, બાકી મનુષ્યએ તો પ્રકૃતિને પ્રતાડિત કરવામાં કંઈ જ બાકી રાખ્યું નથી. પણ હદ તો એ છે કે આ બધું એને હવે જીવનભર દેખાતું જ નથી! અને સમજાતું પણ નથી! અને મહામૂલો મનુષ્ય દેહ આમને આમ સુખ અને બહુ પાછળની દોડમાં પૂરો થઈ જાય છે. મનુષ્યને જીવન માટેની પ્રાથમિક જરૂરિયાતો રૂપે જે પંચમહાભૂત છે, એ તો આપણને સાવ નિશુલ્ક મળે છે, અને છતાં આપણી રૂપિયાની લાલસા આપણે રોકી શકતા નથી, કે પછી સુખ સુવિધાને નામે પ્રકૃતિનું પ્રદૂષણ વધારતા જ જઈએ છીએ. આતો એવો ઘાટ થયો કે જેણે આપણને પોષણ આપ્યું, એનું જ નિકંદન કાઢી રહ્યા છીએ! અને છતાં કોઈ ને કોઈ કારણસર ઈશ્વર હજી કરુણા વરસાવી રહ્યો છે. તો ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે ઈશ્વર કે સદગુરુ તરફનો આવો જ એક ભાવ ધરાવતી પ્રાર્થના તમે મન મુકીને વરસ્યા! કવિને વરસાદ જોઈને અથવા તો કોઈ કારણસર ઈશ્વર કે સદગુરુની કૃપા કે કરુણાનો અહેસાસ થયો, અને એમણે લખ્યું કે તમે મન મૂકીને વરસ્યા પણ અમે જનમ જનમના તરસ્યા હતાં, એટલે તમારી કરુણા તરફ અમારું ધ્યાન ગયું જ નહીં, અને અમે અમારી તરસ છીપાવવામાં ભવ પૂરો કર્યો!



**તમે મન મૂકીને વરસ્યા,**
**અમે જનમ-જનમના તરસ્યા,**
**તમે મુશળધારે વરસ્યા,**
**અમે જન્મ જન્મના તરસ્યા.**

તમે મુશળધાર વરસ્યા છતાં પણ અમે આ તમારી કરુણા છે એ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું જ નહીં. કવિ ઈશ્વરને અથવા પોતાના સદગુરુ ભગવાનને કહે છે કે તમે હજાર હાથે દીધું, પણ અમે અસંતોષી છીએ એટલે જોળી અમારી અમને ખાલી જ લાગી અને એટલે હજી વધુ મેળવવા અહીંથી તહીં ભમતા રહ્યાં.

**હજાર હાથે તમે દીધું,**
**પણ ઝોળી અમારી ખાલી,**
**જ્ઞાન ખજાનો તમે લૂંટાવ્યો**
**અમે રહ્યા અજ્ઞાની,**
**તમે અમૃત રુપે વરસ્યા,**
**અમે જનમ જનમના તરસ્યા. ૧**

સમય પ્રમાણે કેટલા કેટલા અનુભવો કરાવીને તમે જ્ઞાન ખજાનો લૂંટાવ્યો છતાં એમાંથી કંઈ શીખ મેળવી નહીં અને અમે અજ્ઞાની જ રહ્યા, અને એટલે તમે અમૃત વરસાવી રહ્યા છો એ અમે જોયું જ નહીં કારણકે અમે ભોગ માટે જનમ જનમના તરસ્યાં હોઈએ એમ ભટકતા રહ્યા.

**સાદે સાદે શાતા આપે,**
**એવી તમારી વાણી,**
**એ વાણીની પાવનતાને,**
**અમે કદી ન પિછાણી,**
**તમે મહેરામણ થઈ ઊમટ્યા,**
**અમે કાંઠે આવી તરસ્યા. ૨**

હે સદગુરુ ભગવાન તમારા એક એક વચનને જો અમે અનુસર્યા હોત તો અમારા તપ્ત જીવનમાં અત્યારે શાતા હોત! પણ એ વાણીની પવિત્રતા કે પાવનતા ને અમે પીછાણી એટલે કે ઓળખી શક્યા નહીં. બાકી તમે તો દરિયાનાં મોજાં જેમ અમને ભવ ભાવની વ્યાધિ માંથી મુક્ત કરવા એટલે કે ભક્તિ થી ભીંજવવા કે તમારા દર્શનની તરસ મટાડવા ઉમટ્યા પણ છતાં કિનારે પહોંચીને પણ અમે તરસ્યા રહ્યાં.

**સ્નેહલ ગંગા તમે વહાવી,**
**જીવન નિર્મળ કરવા,**
**પ્રેમની જ્યોતી તમે જલાવી,**
**આતમ ઉજ્જ્વળ કરવા,**
**તમે સૂરજ થઈને ચમક્યા,**
**અમે અંધારામાં ભટક્યા. ૩**

કવિ સદગુરુ નાં સ્નેહને ગંગા સાથે સરખાવી કહે છે કે તમે તો અમારું જીવન નિર્મળ થાય એ માટે સદા સ્નેહ ધારા વહાવી, અને સમજાવ્યું કે તમે પણ સ્નેહની ગંગા વહાવી નિર્મળ બનાવી શકશો. આમ અમારા અંતરમાં પ્રેમની જ્યોતિ જલાવી કે જેનાથી અમારો આત્મા ઉજ્જ્વળ બની શકે! અને પાછા જીવન આખું ઉજાગર થઈ જાય એવા સૂરજ થઈ તમે ચમક્યા, પણ છતાં આ ભૌતિક સુખ સુવિધા એ ક્ષણિક સુખ આપે છે, જે શાશ્વત નથી! એવું જ્ઞાન પ્રાપ્ત થયું નહીં, અને અમારા અજ્ઞાનને કારણે ભોગ પાછળ દોડતા રહ્યા! એટલે કે અમે તો આજ સુધી અંધારામાં ભટક્યા. કવિ શ્રી ભરત ચૌહાણની આ કવિતાના શબ્દો સાવ સીધા સાદા છે, અને છતાં એક એક શબ્દમાં મર્મ ભર્યો છે. સાંપ્રત સમયના માનવીના જીવન બસ આ જ રીતે પુરા થાય છે, અને આ જન્મ ફેરો નિષ્ફળ જાય છે, એટલે કે ઈશ્વર સાક્ષાત્કાર થતો નથી. તો ક્યારેક ઈશ્વર નામે આપણે પણ એક જીદ પકડીને બેઠા હોઈએ છીએ, કે આ રીતે દેખાય! કે આ રીતે દર્શન થાય તો જ એ ઈશ્વર! બાકી કરવા હોય તો અહીં પળે પળે ઈશ્વરનાં દર્શન થઈ શકે! કોઈને કોઈ તો એવું અહીં છે જ, જે સતત આપણને ઓથ આપે છે, આપણી અધૂરપ ને પૂરવા મથે છે, આપણને અજવાળું પીરસે છે, આપણાં જીવન સંવારવા અથાક પ્રયત્ન કરે છે, હારીને નિરાશ થઈ એ તો, જે થઈ ગયું એ અસ્તિત્વની ઈચ્છા હતી! તારો કોઈ દોષ નથી,એમ બેઠા કરે છે, સુખ નહીં પણ ખુશીની તલાશ એ જીવનનું લક્ષ્ય બનાવ, એવું વારંવાર સમજાવે છે, અને છતાં આપણી નાદાનગી કે પછી અજ્ઞાનતા ને કારણે આપણે એ બધું અણદેખ્યુ કરીને જીવન જાણે હોડ હોય એમ એક યા બીજી બાજુ દોડે રાખીયે છીએ! અને આ જ ઈશ્વર તત્વ છે! એ જોઈ શકતા નથી,કે સમજી શકતા નથી. આપણે ત્યાં અસંખ્ય પ્રકારના પ્રાણીઓ થી આ સૃષ્ટિ ભરી પડી છે, છતાં એક મનુષ્યને અવતાર કહ્યો છે અને ઈશ્વર પણ જન્મ્યા ત્યારે એમણે મનુષ્ય રુપ ધારણ કર્યું અને સમજાવ્યું કે આમ જીવાય ! પણ છતાં આપણે તો જાણે ઘેટાં બકરાંની જેમ જીવવનો સંકલ્પ લીધો હોય એમ આ ગાડરિયા પ્રવાહમાં દોડે રાખીયે છીએ આપણી સ્વતંત્ર બુદ્ધિ થી કંઈ જ વિચારતા નથી! કે ના હો આ ખોટું છે! અથવા તો સાચું ચૂકી જવાનો કોઈ રંજ નથી અને છતાં હેરાની એ વાતની છે કે સદગુરુ હજી કૃપા વરસાવે છે. તો ઋતુ અનુસાર અત્યારે જે વર્ષા થઈ રહી છે એ પણ ઈશ્વર કે સદગુરુની કરુણા જ છે, એવું જ્ઞાન આપણને સૌને લાધે, અને આપણે સૌ એમાં ભીંજાઈ ને જનમોજનમ નાં તરસ્યા તન મન ને શાતા આપી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**વૈષ્ણવો આને ટેર કદમ કહે છે, ટેર કદમ ઉપર વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયોને નામ દઈ-દઈને બોલાવે છે**

# અયોધ્યા વૈરાગ્યભૂમિ, વ્રજભૂમિએ પ્રેમ ભૂમિ, નર્મદાનો કિનારોએ તપો ભૂમિ, વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સંસારનું કોઈ પણ રૂપ આંખને દેખાય ત્યાં સુધી નિદ્રા આવતી નથી, એટલે ફલિત થાય છે કે આંખનો પતિરૂપ નથી, વિદુરજી વિચારે છે, મારા કરતાં આ પશુઓ શ્રેષ્ઠ છેકે, પરમાત્માને મળવા તેઓ આતુર થઇને દોડે છે.ગાયો શ્રીકૃષ્ણ મિલન માટે આતુર થઇ છે, ધિક્કાર છે મને કે હજુ મને શ્રીકૃષ્ણ મિલન માટે તીવ્ર ઇચ્છા થતી નથી.**

જગન્નાથ પુરી સહિત ગુજરાતમાં અમદાવાદમાં ૧૪૭મી અને પાટણમાં ૧૪૨મી અષાઢી બીજની ભગવાન જગન્નાથ રથયાત્રાની તૈયારી પુરજોશમાં ચાલી રહી છે. ભગવાન મહાવીર સ્વામીએ વિશ્વને સંદેશ આપતાં કહયું કે તમારી પાસે હશે ને તો છોડી શકશો. નહીં હોય તો શું છોડશો, સિંહાસન સત્તા સંબંધ જ નહીં વસ્ત્ર શુદ્ધા છૂટી જશે. આજે વરસાદી માહોલ વચ્ચે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કાશીએ જ્ઞાનભૂમિ છે. અયોધ્યા વૈરાગ્યભૂમિ છે. વ્રજભૂમિએ પ્રેમ ભૂમિ છે. નર્મદાનો કિનારોએ તપો ભૂમિ છે. નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું છે. વૈરાગ્ય અને ભક્તિ ત્રણે નર્મદા કિનારે સિદ્ધ થાય છે. તીર્થમાં ક્રોધ ન કરો, તીર્થમાં બ્રહ્મ ચર્ય વગેરે વ્રતો પાળવાં જોઈએ, તો જ તીર્થયાત્રાનું ફળ મળે છે. યાત્રા કરતાં કરતાં વિદુરજી યમુના કિનારે વૃંદાવનમાં આવ્યા છે. કનૈયો વ્રજમાં ખુલ્લા પગે ફરે છે. યશોદાજી સમજાવે છેકે વનમાં કાંટા કાંકરા લાગશે. તું પગમાં જોડાપહેર કનૈયો કહે છે. મા,હું તમારે ઘરે ગાયોની સેવા કરવા આવ્યો છું. ગયા જન્મમાં રામરૂપે હું રાજાને ઘરે જન્મ્યો એટલે મને કોઈએ ગાયોની સેવા કરવી દીધી નહીં. મેં નક્કી કર્યું, હવે ભવિષ્યમાં હું કોઈ ગોવાળને ત્યાં જન્મ લઈશ અને ગાયોની સેવા કરીશ. હવે તમે જ કહો,મારી ગાયો ઉઘાડાપગે ફરે છે તો હું પગમાં જોડા કેવી રીતે પહેરું લાલાનાં અનેક નામો છે, પણ મને લાલાનું ગોપાળકૃષ્ણ નામ ગમે છે. શ્રીકૃષ્ણ વ્રજમાં ઊઘાડા પગે ફરે છે. તેથી વ્રજરજ અતિ પાવન છે.દ્વારિકામાં તેઓતો રાજા હતા એટલે ખુલ્લાપગે ફરાય નહીં. વિદુરજી વ્રજની રમણરેતીમાં આળોટે છે. રમણરેતીમાં ગોપીઓની ચરણરજ પડેલી. વિદુરજી મંગલમય શ્રીકૃષ્ણની લીલાઓનું ચિંતન કરે છે કે, આ ભૂમિ અતિ શય પાવન છે. મારા શ્રીકૃષ્ણ ગાયો ને લઈને આ ભૂમિમાં આવતા હતા વ્રજની લીલા નિત્ય છે. આજે પણ ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રોજ લીલા કરે છે. શ્રીકૃષ્ણ આનંદ રૂપ વિદુરજીને અનુભવ થયો કે, મારા શ્રી કૃષ્ણ ગાયોને લઈને યમુના કિનારે આવ્યા છે. વિદુરજીની ભાવના એવી હતી. તેને સર્વ લીલા પ્રત્યક્ષ દેખાય છે. આ કદમનું ઝાડ છે. વૈષ્ણવો આને ટેર કદમ કહે છે. ટેર કદમ ઉપર વિરાજેલાં શ્રીકૃષ્ણ વહાલી ગાયોને નામ દઈ-દઈને બોલાવે છે. ગાયોની વચ્ચે ઊભેલા એવા ગોપાળ કૃષ્ણ નું ધ્યાન ધરો. ગાયોની વચ્ચે બિરા જેલા શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવાથી જલદી તન્મયતા થાય છે. ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવો ઈન્દ્રિયોને વિષયો સાથે ન પરણાવો ભગવાનનું નામ ઋષિકેશ છે. તેનો અર્થ છેઃ ઋષિક એટલે ઈન્દ્રિય અને ઈશ એટલે સ્વામી.ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. આ પાંચ વિષયો ઈન્દ્રિયોના સાચા પતિ નથી તે પતિ થવા માગે છે. સંસારનું કોઈ પણ રૂપ આંખને દેખાય ત્યાં સુધી નિદ્રા આવતી નથી, એટલે ફલિત થાય છે કે આંખનો પતિરૂપ નથી.વિદુરજી વિચારે છે, મારા કરતાં આ પશુઓ શ્રેષ્ઠ છેકે, પરમાત્માને મળવા તેઓ આતુર થઈને દોડે છે.ગાયો શ્રીકૃષ્ણ મિલન માટે આતુર થઈ છે. ધિક્કાર છે મને કે હજુ મને શ્રીકૃષ્ણ મિલન માટે તીવ્ર ઈચ્છા થતી નથી. ગાયો દોડે છે અને હું પથ્થર જેવો બેસી રહ્યો છું.એવો પ્રસંગ ક્યારે આવશે કે હું પણ ગાયો જેમ શ્રીકૃષ્ણ મિલન માટે દોડીશ. વિદુરજી શ્રી કૃષ્ણ લીલાનું ચિંતન કરતાં શ્રી કૃષ્ણ પ્રેમમાં પાગલ બન્યા છે, વિરહ અતિશય તીવ્ર બને છે ત્યારે પરમાત્મા મળે છે. પ્રભુ તે વખતે પ્રભાસમાં હતા. તેમણે ઉદ્ધવને જ્ઞાનનો, ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો. પણ ઉદ્ધવને શાંતિ મળી નહીં, ત્યારે એને કહ્યું, હવે તું બદરિકાશ્રમ જા! ઉદ્ધવ કહે છે, મને એકલાને જતાં બીક લાગે છે, તમે મારી સાથે ચાલો! કેવળ નિર્ગુણ બ્રહ્મનું જ્ઞાન બહુ ઉપયોગી થતું નથી. સગુણ બ્રહ્મના આધારે નિર્ગુણ બ્રહ્મને ઓળખવાના છે. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે, હું ક્ષેત્રજ્ઞ રૂપે તારી સાથે છું.હું તારામાં રહેલો છું.મારું સ્મરણ કરીશ એ જ ક્ષણે હું હાજર થઈશ. ઉદ્ધવજી પ્રાર્થના કરે છે કે, ભાવના આધાર વિના ન થઈ શકે માટે મને કંઈક આધાર આપો. ત્યારે શ્રીકૃષ્ણે ઉદ્ધવને ચરણ પાદુકા આપી. ઉદ્ધવે માની લીધું કે, હવે દ્વારિકાનાથ મારી સાથે છે. હું અનાથ નથી હું સનાથ છું.આ પાદુકા નથી, પ્રત્યક્ષ મારી સાથે છે.ઉદ્ધવનો પ્રેમ એવો છે કે તે પાદુકામાં પરમાત્મા નિહાળે છે. મસ્તક ઉપર ચરણપાદુકા રાખી છે મસ્તકએ બુદ્ધિપ્રધાન છે. તેમાં પ્રભુ ને પધરાવો તો તમારા મનમાં કોઈ વિકાર થશેનહીં પછી ઉદ્ધવજી બદરિકાશ્રમ જવા નીકળ્યા. રસ્તામાં યમુનાનાં દર્શન થયાં, વ્રજભૂમિ નાં દર્શન થયાં. તીર્થમાં સ્નાન કરવાથી મન એક દમ શુદ્ધ થતું નથી, પણ ત્યાં રહેલો કોઈ ભજના નંદિ સંત હોય,તેનો સત્સંગ કરો તો મન અતિશુદ્ધ થાય છે.ઉદ્ધવે વિચાર્યું થોડા દિવસ અહીં રહીશ. કોઈ સંત વૈષ્ણવ મળશે.સત્સંગ કરીશ, નહીં તો મૂંગો બેસીશ. આજે પણ વૃંદાવનમાં ગુપ્ત રીતે અનેક સાધુઓ રાધાકૃષ્ણની લીલાઓનાં દર્શન કરતાં ફરે છે. યમુના કિનારે રમણરેતીમાં વિદુરજી બેઠા છે. ઉદ્ધવજીની દષ્ટિ ત્યાં પડી આ વૈષ્ણવ લાગે છે. ઉદ્ધવજી પાસે આવ્યા ત્યારે ઓળખી ગયા,આ તો મહાન ભગવદભક્ત વિદુરબેઠા છે. ઉદ્ધવજી વંદન કરે છે. તે જ સમયે વિદુરજીએ આંખો ઊઘાડી કહ્યું,મને વંદન કરોએ યોગ્ય નથી. હું તમને વંદન કરું છું. સંતમિલન આવું દિવ્ય છે! વિદુર-ઉદ્ધવનો સત્સંગ થાય છે. સત્સંગમાં મનુષ્ય જીવે એટલું જ મનુષ્ય જીવ્યો છે એમ કહી શકાય. સંતોના મિલનમાં કેવળ ભગવાનની જ વાતો થાય છે. યમુનાજીને આજે અતિશય આનંદ થયો છે કે, મારા પ્રભુની લીલાઓનું આ લાડીલા ભક્તો વર્ણન કરશે. મારા શ્રીકૃષ્ણની વાતો કરશે. મારા શ્યામસુંદરનાં વખાણ કરશે. તેમની લીલાઓ ગાશે. હું મારા શ્રીકૃષ્ણની લીલા સાંભળીશ. યમુનાજી સ્તબ્ધ થયાં છે. ઉદ્ધવજી કહે છે, મને પ્રભાસમાં ભાગવત ધર્મનો ઉપદેશ કર્યો છે. પછી પ્રભુએ મને બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી છે. તમારાં દર્શનથી મનેઘણો આનંદ થયો છે. વિદુરજી કહે છે, પ્રભુએ તમને ભાગવત ધર્મ નો જે ઉપદેશ કર્યો તે મને સાંભળવા ઈચ્છા છે. હું જાતિ હીન છું, કર્મહીન છું,પણ વૈષ્ણવો દયાના સાગર હોય છે. આપ મારી ઈચ્છા પરિપૂર્ણ કરો. વિદુરજીનો કેવો દૈન્યભાવ છે! મનુષ્ય સ્વભાવથી દીન થતો નથી ત્યાં સુધી ભગવાનને ગમતો નથી. જ્યાં નજર જાય ત્યાં શ્રીકૃષ્ણનાં દર્શનની ભાવના કરશો તો દૈન્ય ભાવ થશે. પછી ઉદ્ધવજી કહે છે, વિદુરજી તમને હું શું કહું? પણ ભગવાન સ્વધામ પધાર્યા ત્યારે વાસુદેવ-દેવકીને નહીં, રુક્ષ્મણી અને સત્યભામાને નહીં પરંતુ તમને પ્રભુ એ ત્રણ વખત યાદ કર્યા છે. મને કહે મેં એક વખત વિદુરજીના ઘર ની ભાજી આરોગેલી તેની મીઠાશ હજુ ભૂલાતી નથી. ભગવાન જેને મારો કહે તેનો બેડો પાર છે. સાધારણ વ્યવહારમાં પણ કોઈ કોઈને જલદી કહેતું નથી કે,તું મારોછે. જીવ મંદિરમાં જઈને ભગવાનને કહે છે, હું તારો છું અને ઘરે આવીને બબલીની બાને કહે છે હું તારો છું. મંદિરમાં જે ભગવાનનો હતો તે ઘરે આવ્યા પછી બીજાનો થઈ ગયો, એટલે ભગવાન પ્રસન્ન થતાં નથી અને કહેતા નથી કે તું મારો છે.ભગવાન ને કોઈ એમ કહેતા નથી કે,હું તમારો જ છું અને બીજા કોઈનો નથી. જગતમાં જ્યાં સુધી મનુષ્ય કોઈ જીવનો છે ત્યાં સુધી ભગવાનનો થઈ શકતો નથી. ભગવાનને રોજ મનાવો કે એક વાર કહી દો કે,તું મારો છે. ભગવાન જ્યારે કહે કે,તું મારો છે, ત્યારે બ્રહ્મસંબંધ સાચો. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત, ગઈકાલના ન્યૂઝ પેપરની હેડલાઈને સૌ કોઈને હૃદય મનથી હચમચાવ્યા ઉત્તર પ્રદેશના હાથરસથી ચાલીસ કી. મી. દૂર આવેલ ફૂલરઈ ગામમાં બાબા ભોલે જે ભગવાન ભોળા નાથ મહાદેવ નહી પણ કોઈ વ્યકિત કે જેનું સાચું નામ કોઈને ખબર નથી તેના સત્સંગનો કાર્યક્રમ હતો જેમાં એક લાખથી વધુ લોકો ભેગા થયા હતા સત્સંગ પૂરો થયા બાદ ભાગદોડમાં એક્સો વીસથી વધુ લોકોના ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યા હતા. ત્યારે લોકો આયોજકો પ્રશાસને પણ આવી ઘટનાઓથી બોધ પાઠ લેવાની જરૂર છે. દુઃખ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં લખવું પડે છે કે ભ્રષ્ટ તંત્ર અને આવા લોકોને કુદરત સદબુધ્ધિ આપે બાકી તો ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડ જેવું થોડીવાર મગરના આંસુ પછી...અસ્તુ..


# સિદ્ધુ મુસેવાલાની જેમ સલમાન ખાનની હત્યા કરવા માંગતો હતો લોરેન્સ બિશ્નોઈ

## બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને છેલ્લા કેટલાક સમયથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો



ચાર્જશીટમાં સામે આવ્યા મોટા ખુલાસો

નવી મુંબઈ પોલીસે સલમાન ખાન કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે. બિશ્નોઈ ગેંગે સુપરસ્ટારની હત્યાનું કાવતરું ઘડ્યું હતું અને મહિનાઓ સુધી પડછાયાની જેમ સલમાનનો પીછો કર્યો હતો. આ ચાર્જશીટ ૩૫૦ પાનાની છે. જેમાં મુંબઈ પોલીસે બિશ્નોઈ ગેંગના સમગ્ર પ્લાન સાથે જોડાયેલા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને છેલ્લા કેટલાક સમયથી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. ઈદના એક દિવસ બાદ જ તેમના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટ પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. આની જવાબદારી લોરેન્સ ગેંગે લીધી હતી. ત્યારથી સલમાનને ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. પહેલા એવું લાગતું હતું કે મામલો દબાઈ જશે પરંતુ સલમાન ખાનને લોરેન્સ ગેંગ તરફથી સોશિયલ મીડિયા પર વારંવાર ધમકીઓ મળી રહી છે. હવે મુંબઈ પોલીસે આ મામલામાં ૩૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં આ સમગ્ર મામલાની ઘણી વિગતો સામે આવી છે જે ચોંકાવનારી છે. લોરેન્સ બિશ્નોઈ ગેંગે અભિનેતા સલમાન ખાનની હત્યા માટે પાકિસ્તાનથી એકે-૪૭ રાઈફલ્સ મંગાવી હતી. પનવેલ પોલીસની ચાર્જશીટ મુજબ, સિદ્ધુ મુસેવાલાની જેમ સલમાનને મારી નાખવાની યોજના હતી. આ હુમલો કોઈ ફિલ્મના શૂટિંગ દરમિયાન અથવા સલમાન પનવેલના ફાર્મહાઉસમાં હતો ત્યારે કરવામાં આવ્યો હશે. મહારાષ્ટ્ર પોલીસે તમામ ટેકનિકલ પુરાવાઓના આધારે ચાર્જશીટ દાખલ કરી છે. તેની ગુપ્તચર તપાસમાં, પનવેલ પોલીસે મોબાઈલ ફોન ટાવર, લોકેશન, વોટ્સએપ ચેટ જેવા ઈનપુટની મદદથી શંકાસ્પદ લોકો પાસેથી ગુપ્ત માહિતી એકત્ર કરી છે. મીડિયા રિપોર્ટ મુજબ લોરેન્સ બિશ્નોઈની ગેંગ સલમાન ખાન પર તેની ફિલ્મના શૂટિંગ દરમિયાન કથિત રીતે હુમલો કરવા જઈ રહી હતી અથવા સલમાન ખાન જ્યારે પનવેલ ફાર્મહાઉસમાંથી બહાર આવ્યો ત્યારે હુમલો થયો હોત. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મુસેવાલાની જેમ તેમના વાહનને ઘેરીને એકે-૪૭ અને પાકિસ્તાની હથિયારોથી હુમલો કરવામાં આવનાર હતો.પનવેલ પોલીસે ગયા અઠવાડિયે ૩૫૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. જેમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગના પાંચ લોકોના નામ સામેલ છે.




### એ.આર.રહેમાને કહ્યું, "અમારા માટે આ ફિલ્મ ઘણી ખાસ છે

# ગ્રેમી અને ઓસ્કાર વિજેતા રહેમાનની ફિલ્મનું પ્રીમિયર ઓસ્ટ્રેલિયામાં થશે

## રોહિત ગુપ્તાએ ડિરેક્ટ કરેલી ડોક્યુમેન્ટરી 'હેડ હંટિંગ ટુ બીટ બોક્સિંગ'ના પ્રોડ્યુસર રહેમાન છે

એ.આર. રહેમાને પ્રોડ્યુસ કરેલી અને રોહિત ગુપ્તા દ્વાર ડિરેક્ટ કરેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ 'હેડ હંટિંગ ટુ બીટ બોક્સિંગ'નો પહેલો લૂક ૭૭મા કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ કરવામાં આવ્યો હતો. ઓસ્કાર અને ગ્રેમી એવોર્ડ વિજેતા એ.આર.રહેમાનની આ ફિલ્મનું પ્રિમિયર હવે ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ મેલબર્ન ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા ખાતે યોજાશે. આ ફિલ્મમાં ભારતનાં નાગાલેન્ડની વિવિધ રીધમ, તેના વાજિંત્રોના નાદ, વિવિધ પ્રકારના સંગીતના સંસ્કૃતિમાં રહેલાં મૂળ અને તેમાં આવી રહેલાં પરિવર્તન, નાગાલેન્ડની વિવિધ આદિજાતીઓ, તેમની પેઢીઓ અને પરંપરાઓ પર ડોક્યુમેન્ટરી બનાવવામાં આવી છે. તેમાં શિકારી પ્રજાતિઓની પૌરાણિક પરંપરાઓથી લઈને સંગીતની ક્રાંતિ અને તેણે સમગ્ર પ્રદેશના શ્રોતાઓ પર કરેલી ઊંડી અસર દર્શાવાઈ છે. આ ફેસ્ચિવલમાં ફિલ્મના પ્રિમિયર વિશે એ.આર.રહેમાને કહ્યું, "અમારા માટે




આ ફિલ્મ ઘણી ખાસ છે, કારણ કે તે આપણા સુંદર રાજ્ય નાગાલેન્ડ પર પ્રકાશ પાડે છે અને તેનાં સંગીતના ઈતિહાસ ને તેના સમૃદ્ધ વારસાને દર્શાવે છે." આ ફેસ્ટિવલમાં રોહિત ગુપ્તા અને રહેમાન હાજર રહેશે, આ ફિલ્મ બેસ્ટ ડોક્યુમેન્ટરી ફિલ્મ એવોર્ડ માટેની સ્પર્ધાનો પણ ભાગ છે. રોહિત ગુપ્તાએ આ અંગે કહ્યું, "અમે આ સ્પર્ધામાં પસંદગી પામવા માટે ગૌરવ અનુભવીએ છીએ. મને લાગે છે કે તેની વાર્તામાં ગ્લોબલ અપીલ છે, જે સંગીતની કોઈ પણ સ્થિતિમાં મલમનું કામ કરવાની અમૂલ્ય શક્તિ દર્શાવે છે. અમે ખુબ મહેનત અને સંઘર્ષથી પાંચ વર્ષે આ ફિલ્મ બનાવી છે, ત્યારે અમે હવે તેના પર દર્શકોના પ્રતિભાવ જાણવા આતુર છીએ. ખાસ કરીને આ ફિલ્મ ભારતમાંથી નાગાલેન્ડના સમૃદ્ધ સાંસ્કૃતિક અને સંગીતના વારસાનો અનોખો નાદ લઈને આવે છે." અન્ય ફિલ્મ મેકર્સ દૂર રહેતાં હોય તેવા વિષય પર ફિલ્મ બનાવવાનું રહેમાનને ગમે છે.



### ક્રિકેટ રમવાની શીખી રહ્યો છે તૈમુર

# બોલિવુડ કે ક્રિકેટ શેમાં કરિયર બનાવશે કરીના અને સૈફનો મોટો દિકરો તૈમુર

## હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં સૈફ તેના મોટા દિકરાને ક્રિકેટ એકેડમી લઈ ગયો હતો અને પોતાના દિકરાને ક્રિકેટ વિશે માહિતી આપી રહ્યો

કરીના કપૂર અને સૈફ અલી ખાન પોતાના બાળકોને ક્રિકેટ ટ્રેનિંગ પણ આપી રહ્યા છે. હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં સૈફ તેના મોટા દિકરા તૈમુરને ક્રિકેટ એકેડમી લઈ ગયો હતો. તેમજ સૈફ અલી ખાન તેના પરિવાર અને ક્રિકેટ વચ્ચેના સંબંધને લઈ વાત કરી રહ્યો છે. કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાનને ૨૦૧૨માં લગ્ન કર્યા છે અને બંન્નેને ૨ બાળકો છે. મોટા દિકરાનું નામ તૈમુર અને નાના દિકરાનું નામ જહાંગીર છે. તેમના બાળકો પણ માતા-પિતાની જેમ ફેમસ થઈ ગયા છે. આ સ્ટાર જોડીએ પોતાના બાળકોને તમામ સુખ સુવિધાઓ પુરી પાડી રહ્યા છે અને સમય સમય પર સૈફ અને કરીના પોતાના બંન્ને બાળકોની સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરતા પણ જોવા મળે છે.હાલમાં એક ક્રિકેટ એકેડમીમાંથી સૈફ અલી ખાન અને તેના દિકરા તૈમુરનો એક વીડિયો સામે આવ્યો છે. અભિનેતા પોતાના દિકરાને ક્રિકેટ વિશે માહિતી આપી રહ્યો છે સાથે તેના પરિવારના ઈતિહાસ વિશે પણ જણાવી રહ્યો છે. સૈફ તુમરને કાઉન્ટી વિશે સમજાવી રહ્યો છે. તેના દાદા વોર્સેસ્ટરશાયર માટે રમતા હતા. સૈફે તૈમુરને એ વાત પણ કરી કે, તેના પિતા મંસૂર અલી ખાન પટૌડીએ કેપ્ટનશીપ પણ કરી હતી.ઈન્ટરનેશનલ ક્રિકેટ માસ્ટર્સે યુકેના ઈનસ્ટાગ્રામ પેજ પર શેર કરેલા એક વીડિયોમાં સૈફ અને કરીના મોટા દિકરા તૈમુરને લૉર્ડસના ઈનડોર નેટ પ્રેક્ટિસ કરતા જોવા મળી રહ્યા છે. તૈમુર બેટ સાથે શોર્ટ મારતા પણ જોવા મળી રહ્યો છે. બીજા વીડિયોમાં તૈમુરે પોતાના પિતાને યોર્કર નાંખ્યો અને સૈફ પોતાના બેટથી શોર્ટ માર્યો હતો. હાલમાં કરીના કપૂર અને સૈફ અલી ખાન લંડનમાં રજાઓ માણી રહ્યા છે. થોડા દિવસો પહેલા અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કર્યા હતા.કરીના કપૂરે હાલમાં કોમેડી ફિલ્મ ક્રૂમાં પોતાના શાનદાર પરફોર્મન્સથી ચાહકોને ખુશ કર્યા છે. તે હંસલ મહેતાની અપકમિંગ ફિલ્મ ધ બકિંઘમ મર્ડર્સમાં જોવા મળશે. જે સપ્ટેમબર ૨૦૨૪માં રિલીઝ થશે. આ વચ્ચે સૈફ અલી ખાન છેલ્લી વખત પ્રભાસ અને કૃતિ સેનન સ્ટાર આદિપુરુષમાં જોવા મળ્યો હતો. તે દેવારામાં જાહ્નવી કપુર અને જૂનિયર એનટીઆરની સાથે જોવા મળશે.



# ખતરોં કે ખિલાડી ૧૪માં દિકરી ક્રિશ્નાના જેકી શ્રોફે વખાણ કર્યા



જેકી શ્રોફની દિકરી અને ટાઈગર શ્રોફની બહેન ક્રિશ્નાએ સ્ટંટ આધારીત રિયાલિટી શો ખતરોં કે ખિલાડીમાં ભાગ લીધો છે. આ વખતે શોની ૧૪મી સીઝન રોમાનિયામાં શૂટ થઈ રહી છે, ત્યારે ક્રિશ્ના આ શોમાં તેના ડર પર જીત મેળવી રહી છે. હવે આ શો તેના અંતિમ પડાવમાં પહોંચી રહ્યો છે, તેનો નવો પ્રમોશનલ વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં જેકી શ્રોફ ઉત્સાહપૂર્વક દિકરી ક્રિશ્નાને સપોર્ટ આપતા જોવા મળે છે. આ પ્રોમોમાં ક્રિશ્ના એક સ્ટંટ કરતી વખતે રમુજી રીતે 'ભીડુ બચા'ની બૂમ પાડતી પણ જોવા મળે છે. આ પ્રોમોમાં ક્રિશ્ના એક સ્વીમિંગ પુલમાંથી



બહાર આવતી દેખાય છે. તેનો ઉત્સાહ વધારવા માટે તેના પિતાનો વીડિયો કોલ આવે છે. ક્રિશ્ના આ શોને પોતાના માટે મોટી તક ગણાવે છે. જેકી ફોનમાં તેને કહે છે, 'તેરે કો લગતા હે કે તુને ખતરોં કે ખિલાડી મેં જાકે, સહી કામ કિયા હે? મારામાં એટલી તાકાત નથી કે જઈને હું ખતરો કે ખિલાડી કરું, મગર તેરે કો માનતા હું ભીડુ.'

# એવોર્ડ બાદ ગાયક અભિજીતનું અપમાન

અભિજીત ભટ્ટાચાર્ય ૯૦ના દાયકાના એક જાણીતા ગાયક છે. તાજેતરમાં તેમણે આપેલો એક ઈન્ટરવ્યૂ ચર્ચામાં છે, જેમાં તેણે પોતાને સહન કરવા પડેલાં અપમાન અને અન્યાયની વાત કરી હતી. અભિજિતે જણાવ્યું કે તેણે શાહરૂખ ખાનની ફિલ્મ 'યસ બોસ'માં એક ગીત ગાયું હોવાથી એ વખતે સંગીતકારોએ તેને ગીત આપવાનું બંધ કરી દીધું હતું અને તેનું અપમાન કર્યું હતું. અભિજિતે કહ્યું કે તેને 'યસ બોસ'ના ગીત માટે એવોર્ડ મળ્યો



અને કેટલાંક સંગીતકારોએ ઈરાદા પૂર્વક કહ્યું કે, તેઓ મને ગાયક ગણતાં નથી અને ગાવા માટે યોગ્ય નથી માનતા. અભિજીતે એ ટીકાથી અપમાનિત થવાની સાથે તેને એક પ્રેરણા તરીકે પણ લીધું હતું. અભિજિતે કહ્યું,"મારી સાથે ઘણું બન્યું છે, એવું થતું કે મ્યુઝિક ડિરેક્ટરને જેવી ખબર પડતી કે મને શાહરૂખ ખાનની ફિલ્મ મળી ગઈ.એ મારાથી ગમે તેટલો નજીક હોય તો પણ એવું લાગતું હતું કે જાણે તેનો ઈરાદો જ હોય કે અભિજિતને ગવડાવીશ નહીં." આગળ અભિજિતે કહ્યું,"જ્યારથી મને એવોર્ડ મળ્યો અને 'યસ બોસ'કોઈ બ્લોક બસ્ટર ફિલ્મ નહોતી, ગીત પણ બ્લોક બસ્ટર નહોતું. પરંતુ એ વખતે બધા બ્લોક બસ્ટર વચ્ચે એક નોન બ્લોક બસ્ટર ગીત હતું.

# વિજય દેવરકોંડાએ કલ્કિ ૨૮૯૮ એડી ફિલ્મમાં અર્જુનનો કેમિયો કર્યો

## અમિતાભ એટલે કે અશ્વત્થામાની સાથે યુદ્ધ લડતો દેખાય છે

વિજય દેવરકોંડાએ 'કલ્કિ ૨૮૯૮ એડી'માં કેમિયો કર્યો છે, તે હવે બધાં જ જાણે છે. જેણે આ ફિલ્મ નથી જોઈ તેમના માટે આ એક સ્પોઈલર હોઈ શકે છે પણ,નાગ અશ્વિનની આ ફિલ્મમાં વિજય દેવરકોંડાએ અર્જુનનો રોલ કર્યો છે. મહાભારતના યુદ્ધમાં તે અમિતાભ બચ્ચન એટલે કે અશ્વત્થામાની સાથે યુદ્ધ લડતો દેખાય છે. વિજયને આ રોલમાં જોઈને તેના ફેન્સ અને ફઈલ્મના દર્શકોને સારી સરપ્રાઈઝ મળી છે, જેને દર્શકો તરફથી ઘણો પ્રેમ મળ્યો છે. તેમાં વિજયે



કલ્કિ માટે કેટલા રૂપિયા વસૂલ્યા તે અંગે પણ ઘણી ચર્ચાઓ ચાલી છે. વિજયે નાગ અશ્વિનની ડિરેક્ટર તરીકે પહેલી ફિલ્મ 'યેવાડે સુબ્રમણિયમ'માં પણ કામ કર્યુ છે, કહેવાય છે કે તેણે 'કલ્કિ ૨૮૯૮ એડી'માં ફ્રીમાં કામ કર્યુ છે. કેટલાંક અહેવાલો અનુસાર વિજય દેવરકોંડાએ નાગ અશ્વિન પાસેથી એક પણ રૂપિયો વસૂલ્યો નથી. એવી શક્યતા પણ છે કે વિજય 'કલ્કિ'ની સિક્વલમાં પણ અર્જુનનો રોલ કરે. આ ફિલ્મમાં વિજય સિવાય દલકીર સલમાન, મૃણાલ ઠાકુર, રામ ગોપાલ વર્મા, એસએસ રાજામૌલી અને ફરીઆ અબ્દુલ્લાએ પણ કેમિયો કર્યા છે. આ ફિલ્મમાં પ્રભાસ, દીપિકા પાદૂકોણ, અમિતાભ બચ્ચન અને કમલ હસન મુખ્ય ભૂમિકામાં છે અને ફિલ્મે અત્યાર સુધીમાં ૫૦૦ કરોડની કમાણી કરી લીધી છે. રવિવારે જ આ ફિલ્મે ભારતમાં લગભગ ૮૫ કરોડની કમાણી કરી છે. આમ, પહેલા અઠવાડિયે ફિલ્મ લગભગ ૩૦૨ કરોડની કમાણી કરી ચૂકી છે. તેમાં તેલુગુ ફિલ્મનો સૌથી મોટો ફાળો છે.



### અજય દેવગન અને તબુની ફિલ્મ 'ઔરોં મેં કહાં દમ થા' આવી રહી છે

# અમિતાભ બચ્ચનની જેમ આજીવન કામ કરતા રહેવાની ઈચ્છાઃ અજય

## એક ઇન્ટરવ્યૂમાં અજય દેવગન, તબુ અને નીરજ પાંડેએ ફિલ્મના અનુભવ વિશે વિગતે વાત કરી હતી આ ફિલ્મના અનુભવને સૌથી વધુ મીઠાશભર્યો ગણાવ્યો




અજય દેવગન અને તબુની ફિલ્મ 'ઔરોં મેં કહાં દમ થા' આવી રહી છે, જે નીરજ પાંડે દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં અજય દેવગન, તબુ અને નીરજ પાંડેએ ફિલ્મના અનુભવ વિશે વિગતે વાત કરી હતી. તેમણે આ ફિલ્મના અનુભવને સૌથી વધુ મીઠાશભર્યો, હુંફાળો અને યાદોથી ભરપૂર ગણાવ્યો હતો.

આ ઈન્ટરવ્યૂમાં અજયે જીવનમાં સક્રિય રહેવાના મહત્વ વિશે પણ વાત કરી હતી. તેના માટે તેણે અમિતાભ બચ્ચનને તેનું સૌથી મોટું ઉદાહરણ ગણાવ્યા હતા કે કઈ રીતે સતત કામ કરવાથી વ્યક્તિ વ્યસ્ત અને તેજ રહે છે. અજયે એમ પણ કબૂલ્યું કે, તેની પાસે જ્યારે કામ ન હોય ત્યારે તેને ચેન પડતું નથી, તે તેની ફિલ્મો બનાવવાનો ખરો જુસ્સો દર્શાવે છે. "સમયાંતરે તમે તમારા બધા જ શોખ ભુલવા માંડો છો. અને હવે જ્યારે તમારે બ્રેક હોય ત્યારે તમને ખબર નથી પડતી કે તમારે શું કરવું. ત્યારે તમને સમજાય છે કે તમને સેટ પર રહીને કામ કરવામાં સૌથી વધુ મજા આવે છે. હું જ્યારે સેટ પર હોઉં છું કે કામ કરતો હોઉં છું ત્યારે હું સૌથી વધુ ખુશ હોઉં છું." બચ્ચને આગળ સમજાવ્યું કે કઈ રીતે વ્યક્તિને કામ યુવાન રાખે છે અને એક ચોકઠાંમાં બંધાતા અટકાવે છે. તેણે કહ્યું કે સતત સંતોષ આપતા કામને છોડી દેવાથી સમય સાથે તમારા શોખ નાશ પામે છે. અજયે કહ્યું, "હું એવું પણ માનું છું અને આશા રાખું કે બધાં જ માને કે તમે જેટલા વર્ષ સુધી જીવો એટલા વર્ષ કામ કરતા રહો. જે ક્ષણે તમે કામ બંધ કરવાનું અને જીવનમાં મજા કરવાનું નક્કી કરો



એટલે તમારી ઉંમર ત્રણગણી વધવા માંડશે. તમે મિસ્ટર બચ્ચનને જ જોઈ લો. એમને કામ કરવું બહુ ગમે છે, તેઓ આ ઉંમરે પણ સતત કામ કરતા રહે છે. તેઓ ઈન્ટેલિજન્ટ, નોર્મલ અને સમજદાર છે, એક જ કારણ કે તેઓ સતત કામ કરે છે."

સિંગાપોરમાં વૃદ્ધો પણ કામ કરે છે, આ અંગે પોતાના અનુભવ વિશે અજયે કહ્યું કે તેઓ મોટી ઉંમરે પણ કામ કરતા રહેવા પર ભાર આપે છે. તેણે તેમની 'આરામ હરામ' વિચારસરણીથી કોઈ પણ સ્થિતિમાં ઉંમરને અનુરૂપ કામ કરતા રહેવાની સિસ્ટમના વખાણ કર્યા હતા. 'ઔરોં મેં કહાં દમ થા'ની સ્ટોરીમાં ક્રિશ્ના અને વસુધાના જીવનની ઘટનાઓ કેન્દ્રસ્થાને છે. કેટલીક પરિસ્થિતિના કારણે તેમને અલગ થવું પડે છે. ક્રિશ્ના એટલે કે અજય દેવગનને ખૂનના ગુનામાં જેલમાં જવું પડે છે અને ૨૨ વર્ષે છુટીને તે વસુધા એટલે કે તબુને આખરે મળવા માટે જાય છે. તેમના જીવનની ઘટનાઓ કઈ રીતે આગળ વધશે તે ફિલ્મમાં જોવાનું રહેશે.

# લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓને હિંસક કહેતા ઝાલોદ સનાતન હિન્દુ સમિતિનો આક્રોશ

## રાહુલ ગાંધીના પૂતળાનુ સરદાર પટેલ ચોક પર દહન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

હાલ નવી ચુંટાયેલ સરકારનું પહેલું લોકસભા સદન ચાલી રહેલ છે તેમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા હિન્દુ વિરોધી શાબ્દિક ટીપ્પણી કરવામાં આવી, રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલ શાબ્દિક ટિપ્પણીને એન.ડી.એ દ્વારા કડક શબ્દોમાં વખોડવામા આવી હતી. રાહુલ ગાંધી દ્વારા લોકસભાને સંબોધતા એવું કહેવામાં આવ્યું કે હિન્દુઓ ૨૪ કલાક હિંસા કરે છે તેમજ અસત્ય ફેલાવે છે. રાહુલ ગાંધીના હિન્દુ વિરોધી આવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવતા ભારતમાં રહેતા તમામ હિન્દુઓની લાગણી દુભાઈ છે તેથી રાહુલ ગાંધી લોકસભામાં હિન્દુઓની માફી માંગે તેવી માંગ ઝાલોદ નગરના સનાતન હિન્દુ સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

ઝાલોદ નગરના સનાતન હિન્દુ સમિતિ દ્વારા રાહુલ ગાંધીનુ પૂતળું બનાવવામાં આવેલ હતું અને રાહુલ ગાંધી હાય હાય, રાહુલ ગાંધી મુરદાબાદ, કોંગ્રેસ મુરદાબાદ જેવા નારા લગાડવામાં આવેલ હતા તેમજ બસ સ્ટેશન પાસે આવેલ સરદાર પટેલ ચોકમાં રાહુલ ગાંધીના પુતળાનુ દહન કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધીએ હિન્દુઓને હિંસક કહેતા આખા ભારત દેશના હિન્દુઓમા મોટા પ્રમાણમાં રોષ જોવા મળ્યો હતો. પોતાને ગર્વ થી હિન્દુ કહેનાર હિન્દુ સમાજ પર હિંસા ફેલાવે તેવા શાબ્દિક પ્રહારો રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવતા ભારત દેશનો હિન્દુ સમાજ રોષે ભરાયેલ છે. રાહુલ ગાંધી દ્વારા હિન્દુ ધર્મને હિંસક કહેતા ઝાલોદ નગરના હિન્દુ સમિતિ દ્વારા રાહુલ ગાંધી તાત્કાલિક સાંસદ પદે થી રાજીનામું આપે તેવી મૌખિક માંગ કરવામાં આવી હતી. હિન્દુ સમાજ પોતાની ધર્મ સભામાં વિશ્વ કા કલ્યાણ હો, પ્રાણીઓ મેં સદ્ભાવના હો, અધર્મ કા નાશ હો તેવી ભાવના રાખનાર હિન્દુ સમાજ હિંસક કેવી રીતે હોઈ શકે. રાહુલ ગાંધી દ્વારા લોકસભામાં આવી ધર્મને લઈ ટિપ્પણી કરતા સમગ્ર હિન્દુ સમાજમા રોષ જોવા મળી રહેલ છે.

# મણિપુરમાં થયેલી હિંસામાં ૧૧ હજાર FIR, ૫૦૦ થી વધુ લોકોની અટકાયત

## મણિપુરમાં સ્થિતિ સામાન્ય બનાવવાનો પ્રયાસ : પીએમ મોદી

। નવી દિલ્હી, તા.૩ ।

રાષ્ટ્રપતિના અભિભાષણ પર રાજ્યસભામાં લાવવામાં આવેલા આભાર પ્રસ્તાવના પર વડાપ્રધાન મોદીના જવાબ વચ્ચે કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. આ પછી પીએમ મોદીએ કહ્યું કે અમે ઉત્તર-પૂર્વમાં કાયમી ઉકેલ માટે કામ કરી રહ્યા છીએ, જે સંગઠનો હથિયારોથી આંતરિક રીતે લડતા હતા તે આજે આત્મસમર્પણ કરી રહ્યા છે. સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. ત્યાં બનેલી ઘટનાઓને કારણે ૧૧ હજાર FIR દાખલ કરવામાં આવી હતી અને ૫૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

મણિપુરમાં હિંસક ઘટનાઓ ઓછી થઈ રહી છે. મણિપુરમાં આજે શાળાઓ સામાન્યની જેમ ચાલી રહી છે, ઓફિસો અને બજારો ખુલી રહ્યા છે. મણિપુરમાં પણ વિદ્યાર્થીઓએ પેપર આપ્યા છે. કેન્દ્ર સરકાર દરેક સાથે વાત કરીને શાંતિ માટે પ્રયાસ કરી રહી છે. અગાઉની સરકારોમાં આવું બન્યું ન હતું. આપણા ગૃહમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી ત્યાં ઘણા દિવસો સુધી રોકાયા. આજે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરી રહી છે.

જે પણ તત્વો મણિપુરની આગમાં ઘી ઉમેરવાની કોશિશ કરી રહ્યા છે, તે લોકો આવા કામ કરવાનું બંધ કરવું જોઈએ. એક સમય એવો આવશે જ્યારે મણિપુર પોતે જ તેને નકારશે. કોંગ્રેસના લોકોએ એ ન ભૂલવું જોઈએ કે આટલા નાના રાજ્યમાં ૧૦ વખત રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. અમારી સરકારમાં આવું બન્યું નથી. આવો જ ક્રમ ૧૯૯૩માં બન્યો હતો, જે ૫ વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. આપણે શાંતિ સ્થાપવાની છે.

જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીમાં રેકોર્ડ બદ્ધ મતદાન બંધારણ પર વિશ્વાસ આધારિત કર્યો છે. હું ત્યાંના મતદારોને અભિનંદન આપું છું. જમ્મુ-કાશ્મીરમાં આતંક સામેની અમારી લડાઈ અંતિમ તબક્કામાં છે. હવે ત્યાં આતંક અને અલગાવાદનો અંત આવી રહ્યો છે. ત્યાં પ્રવાસન અને રોકાણ વધી રહ્યું છે. જેઓ નોર્થ ઈસ્ટ પર સવાલો ઉઠાવે છે, તે પ્રદેશને પોતાના પર છોડી દેવામાં આવ્યો હતો. આજે ઉત્તર પૂર્વ પૂર્વ એશિયા સાથે વેપાર અને સાંસ્કૃતિક પ્રવેશદ્વાર બની રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં ઉત્તર-પૂર્વમાં કનેક્ટિવિટી વધી છે.

# દેવગઢ બારીઆ નગરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે મરામતના અભાવે ખરાબ હાલતમાં

## દેવગઢ બારીઆ નગરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવેમાં મોટા ખાડા પડવાથી પાણી ભરાઈ જતાં રોડ તળાવમાં ફેરવાયા સરકારી તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ





। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૩ ।

દેવગઢ બારીઆ ના જકાત નાકા થી લઈ ગોધરા તાલુકા ના ગોલ્લાંવ ગામ સુધી બિસ્માર હાલત માં છે જેમાં હાલ જકાત નાકા થી ભેદરવાજા સુધી નો આ રોડ ખુબજ ખરાબ હાલત માં છે દેવગઢ બારીઆ તાલુકા ના આસપાસ ના ગ્રામ્ય વિસ્તાર ના લોકો તથા સરકાર ના અધિકારીઓ પણ આ રોડ પર થી પસાર થાય છે અને શાળા કોલેજ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દેવગઢ બારીઆ નગર માં આવવા જવા માટે એક માત્ર સ્ટેટ હાઈવે નો સહારો છે.

ગ્રામ્ય વિસ્તાર ના માણસો બેંક હોસ્પિટલ લાઈટબીલ મામલતદાર ઓફિસ તાલુકા પંચાયત કચેરીઓ માં તથા અનાજ બિયારણ ખાતર દુકાન ઘર નો માલસામાન લેવા માટે પોતા ના વાહનો લઈ કામ અર્થે અવર જવર કરતા હોય છે પરંતુ આ રોડ માં પડેલા ખાડા ના કારણે વાહન લઈ ચાલવા ની વાત તો દૂર ચાલતા પણ નથી જઈ શકાતું તેવી ખરાબ હાલત આ રોડ ની છે પુરવા રોડમાં ખાડાઓ પડવાથી ઈમરજન્સીમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં લવાતી સગર્ભા માતા અને દર્દી ને દવાખાના સુધી પહોંચવામાં પણ ખુબ જ મુશ્કેલીઓ થાય છે તથા અવારનવાર અકસ્માતો પણ ખુબ થાય છે આ રોડ બનાવવા માટે ગ્રમજનો દ્વારા અધિકારી પદાધિકારી જેવા તમામ સરકારી તંત્રમાં રજૂઆતો કરવા છતાં પણ રોડ બનાવવા માં આવેલ નથી ખરાબ રોડ હોવા ના કારણે અહીંની પ્રજાને ખુબ હાલાકી ભોગવવી પડે છે અને આવવા જવા માં વાહનો થતા માણસો ની કમર માં પણ તકલીફો થાય છે. આ રોડ વહેલી તકે બને તેવી લોકમાંગ છે.



દેવગઢ બારીઆ નગરમાંથી પસાર થતો આ સ્ટેટ હાઇવે છોટાઉદેપુર પાવાગઢ વડોદરા હાલોલ અલીરાજપુર રાજપીપળા સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા અમદાવાદ ઈન્દોર હાઇવે ને પણ જોડે છે

### કાંકરેજ તાલુકાના થરા રાણકપુર વચ્ચે

# નેશનલ હાઇવે નં. ૨૭ ઉપર હિટ એન્ડ રનની ઘટનામાં માલધારી ભરવાડનું અને ત્રણ ભેંસોના મોત બે ગાય ઇજાગ્રસ્ત થયાં

। (પ્રતિનિધી) થરા, તા.૩ ।

દિલ્હી કંડલા નેશનલ હાઈવે નંબર ૨૭ પર કાંકરેજ તાલુકાના થરા રાણકપુર ગામ વચ્ચે રિલાયન્સ પેટ્રોલ પંપ નજીક ગઈકાલે વહેલી સવારે હિટ એન્ડ રનની ઘટનામાં માલધારી ભરવાડનું અને ત્રણ ભેંસોના મોત બે ગાય ઈજાગ્રસ્ત થયાં.

પ્રાપ્ત માહિતી મુજબ સાંતલપુર તાલુકાના આંતરનેસ ગામના ભરવાડ સવાભાઈ ભેમાભાઈ ઉ.વ.૪૫ જેઓ કાંકરેજ તાલુકાના ઉચરપી ગામે પોતાના ઢોરઢાંખર લઈને ઉનાળામાં આવેલ હવે વરસાદના સમાચાર મળતા તે પોતાના ઢોરઢાંખર ચાર ભેંસો અને બે ગાય લઈને વતન તરફ પરત ક ફરી રહ્યાં હતાં ત્યારે ગત રાત્રીએ તેમની ગુરૂગાદી એવા થરા ઝાઝા વડા વાળીનાથ મંદિરમાં દર્શન ભોજન પ્રસાદ લઈ રોકાયા હતા.

ગઈકાલે વહેલી સવારે આશરે પાંચ વાગ્યાના સુમારે પોતાનાં માલ ઢોર લઈને વતન જવા નીકળેલ ત્યારે થરાથી એક દોઢ કિમી દૂર આવેલ રિલાયન્સ પેટ્રોલ પંપથી થોડા આગળ જતાં કોઈ અજાણ્યા વાહન ચાલક અડફટેમાં લેતા સવાભાઈ ભેમાભાઈ ભરવાડ ઉ વર્ષ ૪૫નું તથા ત્રણ ભેંસોના ઘટના સ્થળે મોત થયેલ અન્ય બે ગાયોને અને એક ભેંસ ઘાયલ થયા હતા. બે ગાયોને ભાભર પાજરાપોળ ખાતે અને એક ભેંસને રૂની પાંજરાપોળ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.થરા પોલીસને ઘટનાની જાણ થતા ઘટના સ્થળે આવીને મૃત્યુ પામેલ સવાભાઈ ભરવાડની ડેડ બોડીને ભલગામ ટોલનાકાની એબ્યુલન્સ દ્વારા પી એમ અર્થે થરા રેફરલ હોસ્પિટલ ખાતે લવવામાં આવેલ અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી.



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

# ડાંગ જિલ્લા પોલીસ દ્વારા નવા ફોજદારી કાયદા (1) BNS (2) BNSS (3) BSAના “જન જાગૃતિ અભિયાન કાર્યક્રમ” યોજાયા



। (માહિતી) ડાંગ, તા.૩ ।

ડાંગ જિલ્લા પોલીસ દ્વારા નવા ફોજદારી કાયદા **(1) BNS (2) BNSS (3) BSA** ના “જન જાગૃતિ અભિયાન કાર્યક્રમ“ યોજાયા - જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ દ્વારા જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું : - દેશભરમાં અમલમાં મુકાયેલા ત્રણ ફોજદારી કાયદા, ભારતીય ન્યાય સંહિતા **(BNS)**, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા **(BNSS)**, અને ભારતીય સાક્ષ્ય સંહિતા **(BSA)** વિશે લોકોમાં જાગૃકતા આવે તે હેતુસર, ડાંગ જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા શ્રેણીબદ્ધ “જનજાગૃતિ અભિયાન કાર્યક્રમ” યોજવામાં આવી રહ્યા છે. જેમાં આહવા, વઘઇ, સુબીર, અને આહવા મહિલા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ. દ્વારા મહિલા, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટેના નવા ત્રણ ફોજદારી કાયદા અંગે જાગૃક્તા આવે તે માટે સેમિનારો, તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જનજાગૃતિ કાર્યક્રમો યોજાવામાં આવ્યાં હતાં. આ જનજાગૃતિ અભિયાન અંતર્ગત (૧) સાપુતારા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ. શ્રી એમ.ઝેડ.ભોયાના માર્ગદર્શન હેઠળ, નવા કાયદાની સમજ માટે સાપુતારા ખાતે આવેલ સાંદિપની સ્કુલમાં સરકારી વકીલ શ્રી મહેશભાઇ પટેલ અને નાયબ મામલતદાર શ્રી સાપુતારા દ્વારા નવા કાયદા વિશે જાણકારી આપવામાં આવી હતી. તેમજ લોકોને સરકારી બેક્રો તરફથી રાહતદરે અને લાંબાગાળા માટે લોન મળી રહે તે માટે **SBI** બેંક શામગહાન અને પોસ્ટ ઓફીસ સાપુતારાના અધિકારી/કર્મચારીઓને હાજર રાખી સરકાર તરફથી રાહતદરે મળતી લોનની જાણકારી આપવામાં આવી હતી. (૨) વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઇ. શ્રી પી.બી.ચૌધરી તથા તેઓના સ્ટાફ દ્વારા નવા કાયદાની જાનજાગૃત્તિ માટે વઘઈ શિક્ષણ ભવન ખાતે જનજાગૃત્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# વઘઇ તાલુકાના ભેસકાત્રી કલસ્ટરમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ

। (માહિતી) વઘઇ, તા.૩ ।

વઘઈ તાલુકાના ભેસકાત્રી કલસ્ટરમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ - ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના કલસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે.

### કલર્સ ગુજરાતી પર શ્યામ ધૂમ લાગી રે માટે ગુજરાતી બોલવાનું શીખવા વિશે

# લોકપ્રિય અભિનેત્રી નીલુ વાઘેલા કહે છે, મારો પતિ મારો સૌથી મોટો આધાર હતો

। અમદાવાદ, તા.૩ ।

પડદા પર અસલ ગુજરાતીનું અસલ એન્ટરટેઈનમેન્ટ લાવવાના વચન સાથે કલર્સ ગુજરાતી તેની નવી ઓફર શ્યામ ધૂન લાગી રેમાં સંસ્કૃતિ, પરંપરા અને પાવન વાર્તાકથનનું પૌરામિક સંમિશ્રણ પ્રસ્તુત કરી રહી છે. શ્યામ ધૂન લાગી રે ભગવાન શ્રીકૃષ્ણના નજરિયાથી નરસિંહ મહેતાના જીવનના હૃદયસ્પર્શી પ્રવાસ થકી લઈ જાય છે. ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ સાથે સુમેળ સાધતી ઘરમાં વૃદ્ધિ પામેલી કન્ટેન્ટ લાવીને કલર્સ ગુજરાતી પ્રાદેશિક ટેલિવિઝનની ક્ષિતિજમાં નવો દાખલો બેસાડવા માટે સુસજ્જ છે. ચેનલ ગુજરાતી મનોરંજનનું ધોરણ નવી ઊંચાઈએ લઈ જવા સાથે તેની અજોડ અને હૃદયસ્પર્શી વાર્તા સાથે દર્શકોને મંત્રમુગ્ધ કરવા માટે પણ વચનબદ્ધ છે.

શોના કલાકારોમાં પ્રતિભાશાળી અને લોકપ્રિય અભિનેત્રી નીલુ વાઘેલા નરસિંહ મહેતાની દાદી બની, શ્રી કૃષ્ણ તરીકે કૃષ્ણ ભારદ્વાજ, નરસિંહ મહેતા તરીકે પરેશ ભટ્ટ અને નરસિંહ મહેતાના પિતા તરીકે હિતુ કનોડિયાનો સમાવેશ થાય છે. શોમાં લોકપ્રિય ગાયક પાર્થિવ ગોહિલ દ્વારા ગવાયેલાં ઓરિજિનલ ભજનો પણ છે, જેથી આ આધ્યાત્મિક ગાથામાં સંગીતની ખૂબીનો ઉમેરો થાય છે. નીલુ વાઘેલા શ્યામ ધૂન લાગી રે સાથે ગુજરાતી સિરિયલમાં પદાર્પણ કરી રહી છે. તે ગુજરાતી ભાષા શીખવા માટે સહાય કરવામાં અને તૈયારી કરવામાં પતિ દ્વારા ભજવવામાં આવેલા મહત્ત્વપૂર્ણ ભાગ વિશે જણાવે છે. અગાઉ તે ગુજરાતી સમજતી હતી, પરંતુ હવે પહેલી વાર બોલવાનું પણ શીખી ગઈ છે.



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે. ભૂતકાળની ખુશખુશાલ યાદો તમને વ્યસ્ત રાખશે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? તમારી સમયસરની મદદ કોઈકને દુર્ભાગ્યનો અનુભવ કરવામાંથી બચાવશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમે પ્રેમમાં ધીમે પણ એકધારા બળશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રોમાન્સ પર અસર પડશે.

**ન્યૂઝ બ્રિફ**

## ભારતની જેલોમાંઝ૫૨ કેદીઓ, પાકિસ્તાનમાં ૨૫૪ કેદીઓ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ભારત અને પાકિસ્તાને સોમવારે એકબીજાની જેલમાં બંધ નાગરિક કેદીઓ અને માછીમારોની યાદી સુપરત કરી હતી. બંને દેશો ૨૦૦૮ના દ્વિપક્ષીય કરાર હેઠળ વર્ષમાં બે વાર ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈએ આવી યાદીઓ વહેંચે છે. ભારતની જેલોમાં ૪૫૨ પાકિસ્તાની કેદીઓ કેદ છે. જ્યારે ૨૫૪ ભારતીય નાગરિકો પાકિસ્તાનની જેલમાં બંધ છે. પાકિસ્તાને ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા ૩૮ સૈનિકોની યાદી પણ સોંપી છે.પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારે કહ્યું કે, પાકિસ્તાને સોમવારે ભારતને ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધમાં ગુમ થયેલા સૈનિકોની યાદી સોંપી છે. એકબીજાની કસ્ટડીમાં નાગરિક કેદીઓ અને માછીમારોની યાદીની આપલે કરતી વખતે. નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં રાજદ્વારી ચેનલો દ્વારા યાદીઓની આપ-લે કરવામાં આવી છે.પાકિસ્તાની વિદેશ કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ૩૮ ગુમ થયેલા સૈનિકોની યાદી પણ સબમિટ કરવામાં આવી છે. પાકિસ્તાનનું કહેવું છે કે આ સૈનિકો ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધથી ભારતની કસ્ટડીમાં હોવાનું માનવામાં આવે છે.પાકિસ્તાને કહ્યું કે તેની જેલમાં ૨૫૪ ભારતીયો બંધ છે.

## સાંસદે કહ્યું, 'મેરી આંખોં મેં દેખેં', સ્પીકર બોલ્યા, 'નહીં, મૈં નહીં દેખ સકતા'..!

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૩ ।

ઉમરાવ જાન ફિલ્મનું લોકપ્રિય ગીત 'ઈન આંખોં કી મસ્તી કે અફસાને હજારોં હૈં' જેવો ઘાટ પાકિસ્તાની સંસદમાં જોવા મળ્યો હતો. જ્યારે એક મહિલા સાંસદે સ્પીકરને કહ્યું હતું કે,'આપ મેરી આંખોં મેં દેખેં સર'. ત્યારે સ્પીકરે એવી કમેન્ટ કરી હતી કે,'નહીં, મૈં આપકી આંખોં મેં નહીં દેખ સકતા'. આ હળવી શરારત ભરેલી ચર્ચા સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહી છે અને કોઇને એમાં 'રૂમાનિયત' પણ જોવા મળી રહી છે. સામાન્ય રીતે કોઇ પણ દેશના સંસદની કાર્યવાહી અત્યંત બોરિંગ અને રસહીન બની જતી હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક સાંસદો વચ્ચે અથવા તો સાંસદ અને સ્પીકર વચ્ચે થતી હળવી ટકોર એટલી બધી રસપ્રદ બની જાય છે કે એ કાયમ માટે લોકોને યાદ રહી જાય છે. પાકિસ્તાનની સંસદમાં પણ આવી જ હળવી ઘટના બની હતી જેમાં જરતાજ ગુલ નામની સાંસદે સ્પીકરને કહ્યું હતું કે,'મારા પક્ષના નેતાઓએ મને શીખવાડ્યું છે કે સામે વાળાની આંખોમાં આંખ નાંખીને વાત કરવી જોઈએ. જ્યાં સુધી તમે મારી આંખોમાં જોઈને વાત નહીં કરો ત્યાં સુધી હું મારી વાત પુરી નહીં કરી શકું. પ્લીઝ તમે તમારા ચશ્મા પહેરી લો.

### AAPની મંત્રીઓની સમિતિ સત્ય શોધી કાઢશે

# કોના આદેશ પર દિલ્હીમાં ૧૧૦૦ જેટલાં વૃક્ષો કાપવામાં આવ્યા

**દક્ષિણ દિલ્હીના રિઝર્વ ફોરેસ્ટ એરિયામાં ૧૧૦૦ વૃક્ષોના ગેરકાયદે કાપને લઈને શનિવારે કેજરીવાલ સરકારના તમામ મંત્રીઓની બેઠક યોજાઈ હતી**

। (પ્રતિનિધી) નવી દિલ્હી, તા.૩ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૧૧૦૦ વૃક્ષો કાપવાને લઈને આમ આદમી પાર્ટી સરકારના મંત્રીઓ અને અધિકારીઓ વચ્ચે નવો વિવાદ શરૂ થયો છે. મંત્રી સૌરભ ભારદ્વાજે મંત્રીઓની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીના વિરોધમાં વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એકે સિંઘ દ્વારા લખવામાં આવેલા પત્ર પર સવાલો ઉઠાવ્યા છે. દિલ્હીના શહેરી વિકાસ મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું, "દિલ્હીમાં જંગલ વિસ્તારમાં એક પણ વૃક્ષ કાપવાની પરવાનગી આ દેશની સર્વોચ્ચ અદાલત જ આપી શકે છે. કોઈ વિભાગ કે સંસ્થા એક પણ વૃક્ષ કાપવાની પરવાનગી આપી શકે નહીં." જંગલ વિસ્તારમાં આપવામાં આવશે."તેમણે કહ્યું કે આટલા કડક નિયમો હોવા છતાં ડીડીએએ સુપ્રીમ કોર્ટની પરવાનગી વગર સાતબારી જંગલ વિસ્તારમાં ૧૧૦૦ મોટા વૃક્ષો કાપી નાખ્યા. આ દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટનો સીધો તિરસ્કાર છે.સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે ૧૧૦૦ વૃક્ષો કાપ્યાના બે મહિના બાદ કેન્દ્ર સરકારના ઢ્ઢછ વિભાગે પોતાનો ગુનો છુપાવવા માટે જે વૃક્ષો કપાઈ ચૂક્યા છે તેને કાપવાની ખોટી પરવાનગી માંગવા માટે સુપ્રીમ કોર્ટમાં પહોંચી, પરંતુ કોર્ટે મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો. આપ્યો. આ પછી, એક એનજીઓ દ્વારા, સુપ્રીમ કોર્ટને ખબર પડી કે જે વૃક્ષો માટે ડીડીએ વિભાગ કાપવાની પરવાનગી લેવા આવ્યો હતો, તે બે મહિના પહેલા કાપવામાં આવ્યા હતા, તેથી સુપ્રીમ કોર્ટની અવમાનના કરવામાં આવી હતી અને કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ બાબત. મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, "આ સમગ્ર મામલામાં પ્રથમ પક્ષ દિલ્હી સરકાર હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે જ્યારે આ ૧૧૦૦ વૃક્ષો છૂપી રીતે કાપવામાં આવી રહ્યા હતા, ત્યારે દિલ્હી સરકાર હેઠળનું વન વિભાગ તેમાં સામેલ હતું. આ ગુનામાં સામેલ હતો."તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દિલ્હી સરકાર હેઠળના વન વિભાગના અધિકારીઓ સારી રીતે જાણતા હતા કે ડીડીએ સાતબારી જંગલ વિસ્તારમાં ગુપ્ત રીતે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપી રહ્યું છે.આ સંદર્ભે મંત્રી સૌરભ ભારદ્વાજે પણ સુપ્રીમ કોર્ટ દ્વારા ઉચ્ચારવામાં આવેલી અંગ્રેજી કહેવત શા માટે કૂતરો ભસતો નથી. તેમણે કહ્યું કે આ મામલે વન વિભાગના અધિકારીઓની સંપૂર્ણ જવાબદારી છે કે જ્યારે આ ૧૧૦૦ મોટા વૃક્ષો ગેરકાયદે અને છૂપી રીતે કાપ વામાં આવી રહ્યા હતા ત્યારે વન વિભાગના અધિકારીઓએ તેનો વિરોધ કરીને અવાજ ઉઠાવવો જોઈતો હતો અને આ ગેરકાયદેસર કામ અટકાવવું જોઈતું હતું. આખરે વન વિભાગના અધિકારીઓ ક્યાં છુપાયા હતા? તેમણે કહ્યું કે આ મારા શબ્દો નથી પરંતુ સુપ્રીમ કોર્ટના શબ્દો છે. મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે સુપ્રીમ કોર્ટે પણ દિલ્હી સરકારને આ મામલે મેમોરેન્ડમ દાખલ કરીને સત્ય કહેવાનો આદેશ આપ્યો છે. આ સંદર્ભમાં દિલ્હી સરકારના પર્યાવરણ વિભાગના મંત્રી ગોપાલ રાયે ૨૬ જૂનના રોજ એક બેઠક બોલાવી હતી અને આ દરમિયાન વન અને પર્યાવરણ વિભાગના સંબંધિત અધિકારીઓ, અગ્ર સચિવ એ.કે.સિંઘ, અગ્ર વન સંરક્ષક, નાયબ વન સંરક્ષક, દક્ષિણ દક્ષિણના વન સંરક્ષક. બીજા દિવસે ૨૭ જૂને તમામને બ્રીફ કરવામાં આવ્યા હતા.

### હાથરસ અકસ્માત બાદ પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ લોકોને અપીલ કરી

## 'બાગેશ્વર ધામમાં ભારે ભીડ, તમે જ્યાં હોવ ત્યાં જન્મદિવસ ઉજવો'

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૩ ।

ઉત્તર પ્રદેશના હાથરસમાં સત્સંગ દરમિયાન થયેલી દુર્ઘટના બાદ બાગેશ્વર ધામના વડા પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ એક વીડિયો જાહેર કરીને પોતાના કાર્યક્રમને લઈને અપીલ કરી છે. ૪ જુલાઈ એ પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો જન્મદિવસ છે. આ



સંદર્ભે ધામ દ્વારા સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ સોશિયલ મીડિયા પર જાહેર કરેલા એક વીડિયોમાં જણાવ્યું હતું કે, "૪ જુલાઈએ મારા જીવનનું એક વર્ષ ઓછું થઈ જશે. ખૂબ જ વ્યાપક રીતે અદ્ભુત આનંદ ઉત્સવની તૈયારીઓ ચાલી રહી છે. પરંતુ આ વીડિયો દ્વારા અમે ઈચ્છીએ છીએ કે વિનંતી અને પ્રાર્થના કરવા."તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૪ જુલાઈની ભક્તિભાવપૂર્વક ઉજવણી માટે દૂર-દૂરથી આવતા બાગેશ્વર ધામ સાથે સંકળાયેલા લોકો આપણા પ્રિયજનો છે. જો તમે અમારી વિનંતીઓમાંથી એક સાથે સંમત થાઓ છો, તો તે ખૂબ પ્રશંસા કરવામાં આવશે. બહોળો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને ઘણું બધું મેદાન પણ નાખવામાં આવ્યું હતું, પરંતુ ૧લીથી જ બાગેશ્વર ધામના લોકોનો અને દિવાનાઓનો મેળો ખૂબ જ વિશાળ હતો અને ભીડ ખૂબ જ મોટી સંખ્યામાં પહોંચી હતી.પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ અપીલ કરતાં જણાવ્યું હતું કે, "લોકોની સુરક્ષાની ભાવનાને ધ્યાનમાં રાખીને તમે જ્યાં હોવ ત્યાંથી ઉત્સવ ઉજવો. હનુમાન ચાલીસાના પાઠ કરીને અને વૃક્ષારોપણ કરીને તહેવારની ઉજવણી કરો. આગામી ગુરુ પૂર્ણિમામાં જે ૨૧મીએ છે. જુલાઈ, અમે આયોજિત રીતે વધુ જગ્યા ધરાવતું મેદાન રાખીશું અને તે મેદાનમાં તમારા બધાને આવકારવાની રાહ જોઈશું."તેમણે વધુમાં કહ્યું કે વિડીયોનો સાર એ છે કે ભારે ભીડને કારણે ચોથી જુલાઈના રોજ આવનાર તમામ પ્રિયજનોએ તેમના ઘરેથી ઉજવણી કરવી જોઈએ. બાગેશ્વર ધામ ખાતે વ્યવસ્થા બમણી કરવામાં આવી હતી પરંતુ પરિસ્થિતિ બદલાઈ હતી. અમારો ઉદ્દેશ્ય એ છે કે વૃદ્ધોને કોઈ તકલીફ ન પડે અને કોઈ બીમાર ન પડે અને તમે સુરક્ષિત રહે. ગુરુ પૂર્ણિમાના અવસર પર અમે તમારી રાહ જોઈશું.

### રાઘવ ચઢ્ઢાએ NEET પર ઉઠાવ્યા પ્રશ્નો

## 'દેશમાં IPL ચાલી રહી છે એટલે કે ઇન્ડિયા પેપર લીક...'

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સભ્ય રાઘવ ચઢ્ઢાએ મંગળવારે રાજ્યસભામાં NEET અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓના લીક થવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આજે દેશમાં બે આઈપીએલ ચાલી રહી છે. પ્રથમ છે ઈન્ડિયા પ્રીમિયર લીગ, જેમાં રમત બેટ-બોલથી રમાય છે. તે જ સમયે, બીજું ભારત પેપર લીક છે, જેમાં પેપર લીક કરીને યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.ઈન્ડિયા પેપર લીકના કારણે NEET-UGC નેટ પરીક્ષામાં બેસનાર ૩૫ લાખ બાળકોનું ભવિષ્ય અંધકારમાં છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકાર આપણા યુવાનોને સારી શિક્ષણ વ્યવસ્થા આપી શકી નથી. તેથી આ સરકારમાં વ્યાપમ કૌભાંડ, NEET, UGC NET, UP પોલીસ ભરતી સહિતના તમામ પેપર લીક થઈ ગયા છે.આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય રાઘવ ચઢ્ઢાએ મંગળવારે રાજ્યસભામાં કહ્યું કે આ દેશમાં બે શિક્ષણ પ્રણાલી છે. એક તરફ દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની શિક્ષણ વ્યવસ્થા, જેના હેઠળ તેમણે દિલ્હીમાં વિશ્વ કક્ષાની શાળાઓ બનાવી છે. બાળકોને સારો અભ્યાસક્રમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવ્યું. બીજી તરફ એક બીજી શિક્ષણ વ્યવસ્થા છે જેના હેઠળ પરીક્ષા માફિયાઓ જન્મે છે, જેના હેઠળ દેશના લાખો બાળકોનું ભવિષ્ય અંધકારની આરે ઉભું છે.ભારતની ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. આપણે વિશ્વનો સૌથી યુવા દેશ છીએ. ભારતની સરેરાશ ઉંમર માત્ર ૨૯ વર્ષ છે. અહીં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લેનારા બાળકોની સંખ્યા સહિત અંદાજે ૩૧ કરોડ વિદ્યાર્થીઓ છે, પરંતુ અમારી સરકારે આ યુવાનો માટે શું કર્યુ છે?રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે આપણા દેશમાં બે પ્રકારની આઈપીએલ ચાલી રહી છે. પ્રથમ, બોલ અને બેટની રમત છે જેને ઈન્ડિયન પ્રીમિયર લીગ કહેવામાં આવે છે. અને બીજું છે ભારતીય પેપર લીક જેમાં દેશના લાખો યુવાનોનું ભવિષ્ય દાવ પર લાગેલું છે.

### અમેરિકન પત્રકારનો મોટો દાવો

## જો બિડેન ડિમેન્શિયાથી પીડિત છે, કમલા હેરિસ તેમનું સ્થાન લઈ શકે છે

**ફોક્સ ન્યૂઝના ભૂતપૂર્વ હોસ્ટ ટકર કાર્લસને દાવો કર્યો છે કે યુએસ પ્રમુખ જો બિડેનને ડિમેન્શિયા છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

અમેરિકન રાજકીય વિવેચક અને લેખક ટકર કાર્લસને દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિ જો બિડેનને ડિમેન્શિયા છે અને મુખ્ય પ્રવાહના મીડિયા પર આ હકીકત દેશથી છુપાવવાનો આરોપ લગાવ્યો છે. ભૂતપૂર્વ ફોક્સ ન્યૂઝ હોસ્ટે એવો પણ દાવો કર્યો હતો કે ડેમોક્રેટ્સ ટૂંક સમયમાં જ બિડેનની જગ્યાએ કમલા હેરિસને પ્રમુખ બનાવી શકે છે. કાર્લસનનો દાવો ૨૭ જૂનના રોજ એટલાન્ટામાં યોજાયેલી પ્રથમ પ્રેસિડેન્શિયલ ડિબેટના થોડા દિવસો બાદ આવ્યો છે, જેમાં જો બિડેનનું પ્રદર્શન મોટાભાગના ડેમોક્રેટ્સ માટે આઘાતજનક હતું.સિડનીના ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે ૪,૦૦૦ ચાહકોની સામે બોલતા, ટકર કાર્લસને કહ્યું કે 'કેટલાક ડેમોક્રેટ કાર્યકરોએ સીએનએન પર પત્રકારો તરીકે પોઝ આપ્યો' એ છુપાવવાનો પ્રયાસ કર્યો કે જો બિડેનને ડિમેન્શિયા છે, સ્કાય ન્યૂઝે અહેવાલ આપ્યો છે. કાર્લસને કહ્યું કે અમેરિકન મીડિયાનું એવું વર્તન જાણે કે તેમને આ વિશે હમણાં જ ખબર પડી હોય તે આઘાતજનક છે. તેમણે કહ્યું કે જો બિડેન ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદની રેસમાં આગળ વધી શકશે નહીં. સીએનએન સહિત અન્ય મીડિયા આઉટલેટ્સની ટીકા કરતા ટકર કાર્લસને કહ્યું, 'કાં તો તેઓ ખરેખર મૂર્ખ છે... અથવા તેઓ જૂઠા છે, તેઓ ખરેખર અપ્રમાણિક છે, તેઓ તમારાથી સ્પષ્ટ વસ્તુઓ છુપાવી રહ્યાં છે.' તેમણે દાવો કર્યો હતો કે ઘણા અગ્રણી ડેમોક્રેટિક નેતાઓએ સૂચવ્યું છે કે રાષ્ટ્રપતિ જો બિડેન માનસિક રીતે અસ્થિર છે અને તેમને રાષ્ટ્રપતિની રેસમાંથી દૂર કરી શકાય છે. કાર્લસન આને ડેમોક્રેટિક અને રિપબ્લિકન બંને પક્ષો માટે એક મહત્વપૂર્ણ ક્ષણ તરીકે જુએ છે, ખાસ કરીને ૧૧ જુલાઈના રોજ હશ મની કેસમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર કોર્ટના નિર્ણયને જોતાં.ટકર કાર્લસને એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, 'હું નિશ્ચિતપણે કહી શકું છું કે જો બિડેનનું કામ થઈ ગયું છે. ડેમોક્રેટિક પાર્ટીના ઘણા અગ્રણી નેતાઓએ સૂચવ્યું છે કે તેમનું માનસિક સંતુલન સારું નથી.

### કોર્ટે કેટલીક શરતો પણ લાગુ કરી છે

## કોર્ટે શપથ લેવા માટે એન્જિનિયર રશીદને કસ્ટોડિયલ પેરોલ મંજૂર કરી

**કોર્ટે પેરોલ અથવા શપથની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી બે કલાક માટે કસ્ટોડિયલ પેરોલની મંજૂરી આપી**

। (એજન્સી) મુંબઈ, તા.૩ ।

દિલ્હીની એક અદાલતે મંગળવારે કાશ્મીરી નેતા અને નવા ચૂંટાયેલા સાંસદ એન્જિનિયર રશીદને લોકસભાના સભ્ય તરીકે શપથ લેવા માટે બે કલાકની પેરોલ મંજૂર કરી હતી. આ દરમિયાન રાશિદની સાથે પોલીસકર્મીઓ પણ હાજર રહેશે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે મંગળવારે એન્જિનિયર રશીદને ૫ જુલાઈએ લોકસભા સાંસદ તરીકે શપથ લેવા માટે કસ્ટોડિયલ પેરોલની મંજૂરી આપી હતી. કોર્ટે પેરોલ અથવા શપથની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી બે કલાક માટે કસ્ટોડિયલ પેરોલની મંજૂરી આપી છે.



ઈજનેર રશીદ દ્વારા કરવામાં આવેલી અરજી પર કોર્ટે શપથ ગ્રહણ દરમિયાન તેમના જીવનસાથી અને બાળકોને તેમના ઓળખ પત્ર બતાવીને સભ્યપદ દરમિયાન હાજર રહેવાની મંજૂરી આપી છે. ઈજનેર રાશિદને પેરોલના સમયગાળા દરમિયાન ફોનનો ઉપયોગ ન કરવા અને અધિકારીઓ સિવાય કોઈની સાથે વાત ન કરવા સૂચના આપવામાં આવી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે તે (એન્જિનિયર રાશિદ) કોઈપણ મુદ્દે મીડિયા સાથે વાત કરી શકશે નહીં. ઉપરાંત, પરિવારને સમારંભના ફોટોગ્રાફ્સ લેવાની અથવા તેને ક્યાંય પોસ્ટ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તે જ સમયે, NIAએ અગાઉ ૫ જુલાઈએ રશીદ એન્જિનિયરને સાંસદ તરીકે શપથ લેવાની મંજૂરી આપવા માટે તેની સંમતિ આપી હતી. NIAએ કહ્યું હતું કે શપથની મંજૂરી અમુક શરતો પર નિર્ભર છે, જેમાં મીડિયા સાથે વાત ન કરવી પણ સામેલ છે. રશીદ એન્જિનિયરે સાંસદ તરીકે શપથ લેવા માટે વચગાળાના જામીન અથવા વૈકલ્પિક રીતે કસ્ટોડિયલ પેરોલની માંગણી કરી હતી. તમને જણાવી દઈએ કે એન્જિનિયર રાશિદે લોકસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના દિગ્ગજ નેતા ઓમર અબ્દુલ્લાને હરાવીને બારામુલા સીટ જીતી હતી. જેલમાં હતા ત્યારે તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે જીત્યા હતા. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને ભંડોળ પૂરું પાડવાના કેસમાં વર્ષ ૨૦૧૭માં એન્જિનિયર રાશિદની ધરપકડ કરવામાં આવી હતી.

**વિશેષ**

### રાજ્ય સરકારની સહાયથી અનુસૂચિત જાતિના યુવાનોનું વિદેશ અભ્યાસનું સપનું થયું સાકાર

# વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડો.બાબા સાહેબ આંબેડકર લોન સહાય યોજના હેઠળ ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં અમદાવાદ જિલ્લામાંથી ૧૦૨૬ વિદ્યાર્થીઓને રૂ. ૧૫.૩૯ કરોડની લોન અપાઈ

**અમદાવાદના ઘાટલોડિયામાં રહેતાં અર્ચિતાબેન હાલ કેનેડામાં અને બોપલમાં રહેતા સાર્થકભાઈ ફ્રાન્સની યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરી સફળતાની કેડી કંડારી રહ્યા છે**

। કુલદીપસિંહ સોલંકી (માહિતી)અમદાવાદ ।

જીવનમાં દરેક માણસનું કંઇ ને કંઇ ધ્યેય હોય છે, નાનપણથી જ દિલ અને દિમાગમાં કોઇ સપનું સજાવેલુ હોય છે. આ સપના ત્યારે જ સાકાર થાય છે, જ્યારે પૂરતી મહેનત કરવામાં આવી હોય તે સાથે કોઈની હૂંફ, માર્ગદર્શન અને યોગ્ય સમયે મદદ મળે. આપણે વાત કરવી છે અનુસૂચિત જાતિના એવા તેજસ્વી તારલાઓની કે જેમણે રાજ્ય સરકારની આર્થિક સહાયથી વિદેશમાં ભણવાના અરમાનો પૂરા કર્યા છે.

અમદાવાદ જિલ્લાના ઘાટલોડિયા વિસ્તાર ખાતે રહેતા અને કોન્ટ્રાક્ટરના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી પ્રવીણભાઈની દીકરી અર્ચિતાબેન બીઈ (કમ્પ્યૂટર એન્જિનિયરનો કોર્સ)નો અભ્યાસ અમદાવાદથી પૂર્ણ કર્યો હતો. અર્ચિતાને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી માતા-પિતાનું સપનું સાકાર કરવું હતું. ધ્યેયને સિદ્ધ કરવા માટે સાહસની પણ જરૂર પડતી હોય છે. ગ્રેજ્યુએશન બાદ માસ્ટર ડિગ્રી કરવા માટે તેને વિદેશમાં ભણવાની અદમ્ય ઈચ્છા હતી. અર્ચિતાના પિતાશ્રી પ્રવીણભાઈએ દીકરીને વિદેશ ભણાવવાની ખૂબ ઈચ્છા હતી. એટલે અર્ચિતાને કેનેડાની કોનેસ્ટોગા યુનિવર્સિટીમાં પ્રવેશ માટે અરજી કરી અને તેમાં એડમિશન પણ મળી ગયું. આ સાથે જ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં તપાસ કરી. ત્યાંથી તેમને જાણકારી મળી કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા સાવ નજીવા વ્યાજના દરે રૂ. ૧૫ લાખ સુધીની લોન આપવામાં આવે છે. અર્ચિતાએ પણ આ લોન માટે અરજી કરતાં તેઓને માત્ર ૪ ટકાના વ્યાજ દરની રૂ. ૧૫ લાખની લોન મળતાં હાલ તે કેનેડાની કોનેસ્ટોગા યુનિવર્સિટીમાં આઇ.ટી.ના બીજા વર્ષમાં એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહી છે.

અર્ચિતાના પિતા પ્રવીણભાઈ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, મારી દીકરી કેનેડા વિદેશ અભ્યાસ માટે ગઈ છે. અને ડૉ. બાબાસાહેબ આંબેડકર લોન સહાય યોજના હેઠળ સમાજ કલ્યાણ કચેરીમાંથી અમને રૂ.૧૫ લાખની લોન મળી છે. જેથી મારી દીકરી વિદેશમાં અભ્યાસ કરવા જઈ શકી છે. અને સરકારે અમારા સપના અને અરમાનો પૂરા કર્યા છે એટલે હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. અર્ચિતા આજે કેનેડામાં અભ્યાસ કરી રહી છે તે અમારા માટે ખૂબ જ ગૌરવની વાત છે.

અમદાવાદ નજીક શેલા ખાતે રહેતા સાર્થકભાઈને પણ વિદેશમાં અભ્યાસ કરવાનું સપનું હતું અને તેને પૂર્ણ કરવા માટે તેઓ સતત પ્રયત્નશીલ હતા. કોલેજના ગ્રેજ્યુએશન પછી વિદેશ અભ્યાસ કરવા ઈચ્છતા સાર્થકે સમાજ કલ્યાણ ખાતામાં જાતે જ તપાસ કરી અને વિદેશમાં અભ્યાસ કરવા માટે સરકાર દ્વારા લોન મળતી હોવાની જાણકારી મેળવી હતી. ત્યારબાદ જરૂરી અરજી પ્રક્રિયા અને ડોક્યુમેન્ટેશન બાદ તેને રૂ. ૧૫ લાખની લોનની સહાય મળતાં તે આજે નેન્ટેસ, ફ્રાન્સમાં સ્થિત ઓડેન્સિયા બિઝનેસ યુનિવર્સિટીમાં પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરી રહ્યો છે.

સાર્થકનાં માતા સ્વાતિબહેને જણાવ્યું કે, વિદેશમાં અભ્યાસ માટે મારા દીકરા સાર્થકે જાતે જ બધી તપાસ કરી હતી અને લોન માટેની પ્રક્રિયા પણ તેણે કરી હતી. અમને સમાજ કલ્યાણ ખાતામાંથી રૂ. ૧૫ લાખની લોનની સહાય મળી હતી. સરકાર તરફથી લોનની સગવડ મળી એ સારી વાત છે. આ લોનથી મારો દીકરો વિદેશ જઇ શક્યો છે અને દોઢ વર્ષથી ફ્રાન્સમાં આવેલી ઓડેન્સિયા બિઝનેસ યુનિવર્સિટીમાં ભણવા માટે ગયો અને આ લોન થકી જ મારા દીકરાનું વિદેશમાં ભણવાનું સપનું પૂરું થયું છે.

ગુજરાતનો અનુસૂચિત જાતિનો યુવાન પણ વિદેશમાં ભણી- ગણીને પોતાના સપના સાકાર કરે તે માટે ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકાર દ્વારા ગરીબો અને વંચિતોના વિકાસ માટે વિશેષ કાળજી લેવામાં આવે છે. સમાજ કલ્યાણ ખાતાની લોન લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૧૦૨૬ વિદ્યાર્થીઓને રૂ. ૧૫-૧૫ લાખ લેખે નાયબ નિયામક અનુસૂચિત જાતિની કચેરી દ્વારા રૂ. ૧૫.૩૯ કરોડની લોન આપવામાં આવી છે. રાજ્ય સરકારની આ આર્થિક મદદથી આ વિદ્યાર્થીઓએ વિદેશમાં જઈ ઉચ્ચ અભ્યાસ પૂરો કરી સફળતાની કેડી કંડારી છે. રાજયમાં આવા તો સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ રાજ્ય સરકારની મદદથી ઉજ્જવળ કારકીર્દીનું ઘડતર કર્યું છે.

**ડો. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ**

- રહેઠાણના પુરાવા (રેશનકાર્ડ,વીજળી, બિલ, લાઈસન્સ, ભાડા કરાર, ચૂંટણી કાર્ડ)
- અરજદારની જાતિ/ પેટા જાતિનો દાખલો.
- શાળા છોડ્યાનો દાખલો
- શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો
- વિદ્યાર્થીનું સોગંધનામું (અસલમાં)
- પાસપોર્ટ
- વિઝા
- એર ટિકિટ
- લોન ભરપાઈ કરવા અંગે પાત્રતાનો દાખલો
- રૂ.૧૦૦ના સ્ટેમ્પ પર જમીનદારનું જમીનખાતાનો નમૂનો પરિશિષ્ટ
- મિલકતના વેલ્યુએશન રિપોર્ટ
- મિલકતના આધાર (તાજેતરના ૭-૧૨ ના ઉતારા/ઈન્ડેક્સ રજૂ કરવી)
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ/રદ કરેલ ચેક (અરજદારનું નામું)
- આ યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી
- વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલા હોય તેના પુરાવા.

અત્રે ઉલ્લેખનીય છે કે https://adijatinigam.gujarat.gov.in વેબસાઈટ પર જઈને ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય માટે રજિસ્ટ્રેશન કરી શકાશે. વધુ વિગત માટે નાયબ નિયામક, અનુસૂચિત જનજાતિની કચેરી, અમદાવાદનો સંપર્ક કરી શકાય છે.

ન્યૂઝ બ્રિફ

## ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થનું વેચાણ કરતા ૧ ઇસમની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ જિલ્લાનાં સાણંદ ખાતેથી ગેરકાયદેસર રીતે નશીલા પદાર્થ વેચાણ તથા સેવન કરતા ૧ ઈસમની નશાકારક કોડેઈન કફ સીરપની ૨૦૦ બોટલ સાથે ધરપકડ કરવામાં આવી છે જેની કિંમત ૨૯,૮૦૦/- થાય છે. તેમજ અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ દેત્રોજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાંથી મળેલી બાતમીને આધારે ૩,૬૫,૩૫૦/-વિદેશી દારૂની બોટલોના મુદા માલ સાથે એક ઈસમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસ સુત્રો પ્રમાણે મળતી માહિતી મુજબ હાલમાં નશીલા પદાર્થો તેમજ ડ્રગ્સ જેવી પ્રવૃત્તિને લઈને ગૃહ મંત્રી હર્ષ સંઘવીના આદેશ મુજબ પોલીસ દ્વારા ઉપરથી નીચે અને નીચેથી ઉપર સુધી તમામ કેસોમાં કોઈપણ ઢીલ રાખ્યા વગર કડક તપાસ કરવાના આદેશ અપાયા છે.

## સુરતમાં મહિધરપુરા ભવાની વળ ખાતે જર્જરીત મકાન ધરાશાયી

। (એજન્સી) સુરત, તા.૩ ।

સુરતમાં ચોમાસુ જામી રહ્યું છે ત્યારે શહેરના સેન્ટ્રલ ઝોનમાં મહિધરપુરા ભવાની વળ ખાતે એક જર્જરીત મકાન ધસી પડ્યો છે. આજે દરેક મકાનમાં રહેતા એક વ્યક્તિને માથામાં ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે જર્જરીત મકાનોને નોટિસ આપવામાં આવે છે. જોકે પાલિકા નોટીસ આપીને કામગીરી કર્યાનો સંતોષ માને છે તેના કારણે દર વખતે ચોમાસામાં મકાન પડી જવાની ઘટના બની રહે છે. આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકાએ સંખ્યાબંધ મિલકતોને નોટિસ આપી હતી.





મુંબઈ ખાતે જાપાનના કોન્સ્યુલ જનરલ યાગી કોજીએ અમદાવાદના મેયર પ્રતિભા જૈન અને મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન સાથે મુલાકાત કરી. તેમણે અમદાવાદ તેમજ કોબે સીસ્ટર સીટી રીલેશનશીપને આગળ વધારવા મેયર પ્રતિભા જૈનને અપીલ કરી હતી. તેમજ રીવરફ્રન્ટ ડેવલપમેન્ટની જાણકારી મેળવી આનંદ વ્યકત કર્યો.

### અમદાવાદ- સાણંદ-મહેસાણા હાઈવે સિક્સ લેન પ્રોજેક્ટ

## સિક્સ લેન પ્રોજેક્ટ માટે ૧૮૬૮ કરોડ ફાળવાયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૩ ।

રાજ્ય સરકારે અત્યારે ફોર લેન અમદાવાદ-સાણંદ અને અમદાવાદ-મહેસાણા હાઈવેને સિક્સ લેનમાં કનવર્ટ કરવાનો પ્રોજેક્ટ રજૂ કરી દીધો છે. આ પ્રોજેક્ટ માટે રૂ. ૧,૮૬૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અમદાવાદ અને સાણંદ વચ્ચેના ૨૮ કિમીના રૂટ પર રૂ. ૬૬૮ કરોડ અને અમદાવાદ અને મહેસાણા વચ્ચેના ૫૧.૬ કિમીના રૂટ પર રૂ. ૧,૨૦૦ કરોડનો ખર્ચ થશે. રાજ્ય સરકારના એક સૂત્રએ જણાવ્યું હતું કે "આ પ્રોજેક્ટ્સ માટે ટેકનિકલ સ્ટડી પૂર્ણ થઈ ગઈ છે અને સરકાર આ બે પ્રોજેક્ટ્સ માટે કોન્ટ્રાક્ટરોને સોંપી એક્ઝિક્યુટ કરવાનું શરૂ કરે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટ માટે ટૂંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. અમે અપેક્ષા રાખીએ છીએ કે બંને હાઈવે પર કામ લગભગ ત્રણ મહિનામાં શરૂ થઈ જશે." સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અમદાવાદ-સાણંદ હાઈવે પર જોરદાર ટ્રાફિક જોવા મળે છે કારણ કે તે સૌરાષ્ટ્ર અને કચ્છને જોડે છે. એક અધિકારીએ જણાવ્યું કે આ રૂટ પર રિયલ એસ્ટેટનો વિકાસ પણ ધમધમી ઊઠશે એવી ધારણા કરવામાં આવી રહી છે. આ જે આખો સ્ટ્રેચ છે તેના પર વ્હિકલનો ટ્રાફિક રહેશે જેથી કરીને પ્રોપર્ટી પ્રાઈઝ અને જે પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અહીં કરાશે તેને સારો પ્રતિસાદ મળશે.

### વડોદરા હરણી કાંડને લઈ મોટા મહત્વના સમાચાર

## હરણી પ્રકરણમાં હાઇકોર્ટે સરકારનો રિપોર્ટ ન સ્વીકાર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

વડોદરા બોટ કાંડને લઈ મોટા સમાચાર આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે વડોદરા બોટ કાંડને લઈને સરકારનો રિપોર્ટ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે શબ્દોની માયાજાળમાં સત્ય છૂપાવવાનો પ્રયાસ છે. હાઈકોર્ટે કહ્યું હતું કે શબ્દોની માયાજાળામાં સત્ય છૂપાવવાનો પ્રયાસ છે. જવાબદાર અધિકારી જવાબદારીમાંથી છટકી શકે નહી. મ્યુનિસિપલ કમિશ્નરની જવાબદારી બનતી હોવાનો એડવોકેટ જનરલે કોર્ટમાં સ્વીકાર કર્યો હતો. એડવોકેટ જનરલે કહ્યું હતું કે જવાબદાર તમામ લોકો સામે ખાતાકીય તપાસ કરવા સરકાર તૈયાર છે. હાઈકોર્ટે કહ્યું હતું કે શહેરી વિકાસ વિભાગે સોંપેલો રિપોર્ટ સંતોષકારક નથી. અમે વ્યક્તિગત રીતે કોઈની સામે નથી. જનહિતમાં જે જરૂરી છે તે પ્રકારના હુકમ કરવા જરૂરી છે. સુનાવણી દરમિયાન અમુક તબક્કે એડવોકેટ જનરલે કોર્ટની માફી માંગી હતી. હાઈકોર્ટે આખી ઘટનાની નવેસરથી તપાસ કરવાના નિર્દેશ આપ્યા હતા. હાઈકોર્ટે કહ્યું હતું કે ખાતાકીય અને શિસ્ત ભંગના પગલા લઈ પરિણામ જણાવો. વડોદરા મ્યુનિસિપલ કમિશનરની જવાબદારી બનતી હોવાનો એડવોકેટ જનરલે કોર્ટમાં સ્વીકાર કર્યો હતો. જવાબદાર તમામ લોકો સામે ખાતાકીય તપાસ કરવા રાજ્ય સરકાર તૈયાર હોવાનું એડવોકેટ જનરલે કહ્યું હતું.

### ગૃહ રાજ્યમંત્રીશ્રી-મુખ્ય સચિવશ્રી-પોલીસ મહાનિદેશકશ્રી બેઠકમાં ઉપસ્થિત

## અમદાવાદની ૧૪૭મી જગન્નાથ રથયાત્રા શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવા પોલીસ તંત્ર સંપૂર્ણ સજ્જ અને પ્રતિબદ્ધ



। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રાની ૧૪૭મી કડી શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવાની પોલીસ તંત્રની સજ્જતાની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાકેશ, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય સહિત અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને વરિષ્ઠ અધિકારીઓ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ અમદાવાદ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ યોજાતી રથયાત્રા જન ઉમંગ અને ઉલ્લાસનું ધર્મપર્વ છે તે સંદર્ભમાં કહ્યું કે, ભગવાનના દર્શન માટે લોકો જુના, જર્જરીત મકાનો કે ભયજનક ઈમારતોનો સહારો ન લે તે માટે પોલીસ અને સ્થાનિક પાલિકા તંત્ર સતર્ક રહે તે આવશ્યક છે. તેમણે આવા પોઈન્ટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકોને જાનમાલની સલામતીના કારણોસર ત્યાં જતા અટકાવવા ખાસ તાકીદ કરી હતી. અમદાવાદ મહાનગરમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રા ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ રથયાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું. રથયાત્રાનું ઉમંગ પર્વ શાંતિ-સલામતી ભર્યા માહોલમાં સંપન્ન થાય તે માટે શહેર પોલીસ તંત્રની પ્રતિબદ્ધતા દર્શાવતાં આ પ્રેઝન્ટેશનમાં પોલીસ કમિશનરશ્રીએ જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા માટે આઈ.જી. કક્ષાથી લઈને પોલીસ કર્મીઓ સુધી કુલ મળીને ૧૮,૭૦૦થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે ફરજરત રહેવાના છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષના આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રથયાત્રામાં જોડાનારા રથો, ટ્રક, અખાડા અને ભજન મંડળીઓ, મહંતશ્રીઓની સુરક્ષા માટે રથયાત્રા સાથે મુવિંગ બંદોબસ્તમાં ૪૫૦૦ જેટલા પોલીસ કર્મીઓ જોડાવાના છે.

## વાવણીલાયક વરસાદ બાદ પહેલા રાઉન્ડમાં ખરીફ પાકોનું ૨૦,૯૨૨ હેક્ટરમાં નોંધપાત્ર વાવેતર





। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

રાજ્યભરમાં જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહ સુધીમાં અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વાવણીલાયક વરસાદ વરસી ચૂક્યો છે. નોંધપાત્ર વરસાદને કારણે ખરીફ પાકોનું વ્યાપક પ્રમાણમાં વાવેતર શરૂ થઈ ચુક્યું છે. સારા વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને જુદાં જુદાં વિસ્તારના ખેડૂતો હજુ વધારે વાવેતરનું આયોજન કરી રહ્યા છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી હિતેષભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે, દર વર્ષની જેમ આ વર્ષે પણ કુલ ખરીફ વાવેતરમાં સરકારશ્રીની ટેકાના ભાવે ખરીદીની યોજનાને પરિણામે ખેડૂતો હોંશે-હોંશે વાવણીમાં વ્યસ્ત બન્યા છે. જુલાઈ માસની શરૂઆતમાં વાવેતરના પ્રાપ્ત આંકડાઓ જોઈએ તો જિલ્લાભરમાં ૧૬,૫૦૦ હેક્ટરમાં કપાસ, ૧૩૪૬ હેક્ટરમાં શાકભાજી, ૨૫૮૩ હેક્ટરમાં જુવાર-બાજરી-મકાઈ તથા ૩૧૫ હેક્ટરમાં ડાંગરનું વાવેતર થયું છે. આ ઉપરાંત તુવેર, મગ, મઠ, અડદ સહિતના કઠોળ પાકોનું વાવેતર પણ શરૂ થઈ ચુક્યું છે.આમ કૂલ ૨૦,૯૨૨ હેક્ટરમાં વિવિધ પાકોનું વાવેતર થઈ ચુક્યું છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન સરેરાશ વાવેતર ૪ લાખ હેક્ટર આસપાસ રહેતું હોય છે. હાલમાં અમદાવાદ જિલ્લાના બાવળા, દસક્રોઈ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ અને વિરમગામ એમ કુલ ૯ તાલુકામાં વ્યાપકપણે વાવેતરની કામગીરી શરૂ થઈ ચૂકી છે અને વરસાદ સાથ આપશે તો ખૂબ સારું વાવેતર થશે અને આ વર્ષ ખેડૂતો માટે ખૂબ જ સારું નીવડશે, એવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

## ઝાલોદ વાલ્મીકિ સમાજ દ્વારા સાઈબાબા મંદિરનો સાતમો તેમજ શ્રી કૃષ્ણ, બળીયા દેવ, શીતળા માતા મંદિરનો બીજો પાટોત્સવ ઉજવવામાં આવ્યો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ વાલ્મીકિ સમાજ દ્વારા પંચશીલ સોસાયટી સામે આવેલ સાઈ બાબા મંદિરનો સાતમો પાટોત્સવ તેમજ શ્રી કૃષ્ણ, બળીયા દેવ, શીતળા માતા મંદિરનો બીજો પાટોત્સવ ધામધૂમથી ધાર્મિક વિધિ મુજબ ઉજવવામાં આવ્યો હતો. આજે પાટોત્સવ નિમિત્તે મંદિરે વિશેષ પૂજા હવનનુ આયોજન કરવામાં આવેલ હતું. આજની વિશેષ પૂજા અર્ચનાનો લાભ લેવા વાલ્મીકિ સમાજના લોકો તેમજ નગરજનો મોટા પ્રમાણમાં ઉમટી પડેલ હતા. આજના પાટોત્સવ નિમિત્તે આખું મંદિર પરિસર પુષ્પો થી સજાવી દેવામાં આવ્યું હતું. આજની વિશેષ પૂજા અર્ચના હવન પછી વાલ્મીકિ સમાજના લોકો દ્વારા નગરના વિવિધ માર્ગો પર ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા દરમ્યાન દરેક સમાજના લોકો દ્વારા ભગવાનની શોભાયાત્રાનુ સ્વાગત પુષ્પ તેમજ અબીલ ગુલાલ સાથે માર્ગો પર સ્વાગત કરવામાં આવેલ હતું. શોભાયાત્રામા ધાર્મિક ભજન, રાસ, ગરબા ડી.જે દ્વારા વગાડવામાં આવેલ હતા. આ શોભાયાત્રામા જોડાયેલ દરેક લોકો ભજનની ધૂન પર નાચતા ઝુમતા જોવા મળેલ હતા. તેમજ વિવિધ વિસ્તારોમાં ગરબાની રમઝટ પણ ખેલૈયાઓ દ્વારા કરવામાં આવી હતી. આ શોભાયાત્રા નગરમાં વિવિધ માર્ગો પર ફરી સાઈ મંદિર ખાતે પૂરી થઈ હતી. છેલ્લે ત્યાં ઉપસ્થિત સૌ લોકો દ્વારા મહાઆરતી કરવામાં આવી હતી. સમગ્ર આયોજન વાલ્મીકિ સમાજની સાઈ સમિતિ મિત્ર મંડળ દ્વારા કરવામાં આવેલ હતું.

## અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ૧૦૦ દિવસની સ્પેશિયલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઇવનું આયોજન



। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ૧૦૦ દિવસની સ્પેશિયલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઈવ અંતર્ગત ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ અંતર્ગત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV), ધોળકા, અમદાવાદ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થિનીઓને ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ એમ ત્રણ નવા કાયદાઓ અને POCSO ઍક્ટ વિશે માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થિનીઓને ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી અને સ્પેશિયયાલિસ્ટ ફાઈનાન્સ એન્ડ લિટ્રેસી શ્રી હેમલબહેન બારોટ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત મહિલા કલ્યાણને લાગતી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. શ્રી પારુલબહેન મેંઢી દ્વારા PBSC યોજના અને શ્રી રોશનીબહેન દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર યોજના વિશે વિદ્યાર્થિનીઓને વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં KGBV વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ, તાલુકા કાનૂની સેવા સમિતિ ધોળકા અને ધોળકા કોર્ટના કર્મચારીઓ PLV શ્રી હેતલબહેન રાઠોડ અને PLV શ્રી અશોકભાઈ એમ. રાઠોડ હાજર રહ્યા હતા.

## અમદાવાદના પાલડીમાં વર્ધમાન ફ્લેટની સીડીનો ભાગ તૂટ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

શહેરના પાલડી વિસ્તારમાં મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે આવેલા વર્ધમાન ફ્લેટની સીડીનો ભાગ તૂટી પડ્યો હતો. ફ્લેટમાં મકાનોમાં ફસાયેલા ૧૬ જેટલા લોકોને ફાયર બ્રિગેડની ટીમ દ્વારા હાઈડ્રોલિક પ્લેટફોર્મ વડે ૧૬ લોકોને સહી સલામત નીચે ઉતારવામાં આવ્યા હતા. ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. વર્ષો જૂના ફ્લેટ હતા અને અચાનક જ વરસાદ પડ્યો ત્યારબાદ સીડી તૂટી પડતા લોકો ફસાયા હતા. ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ, શહેરમાં સાંજથી જ વરસાદ શરૂ થયો હતો ત્યારે રાત્રે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ પાલડી વિસ્તારમાં મહાલક્ષ્મી ચાર રસ્તા નજીક બાદશાહ ડેરીની સામે આવેલા બે માળના વર્ધમાન ફ્લેટની સીડીનો ભાગ અચાનક જ તૂટ્યો હતો. જોરદાર અવાજ આવતાની સાથે જ સ્થાનિક નાગરિકો બહાર નીકળ્યા હતા. જ્યારે તેઓએ જોયું તો સીડીનો ભાગ તૂટી ગયો હતો. જેથી તેઓને નીચે ઉતરવા રસ્તો નહોતો. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા જમાલપુર ફાયર સ્ટેશનની ટીમ ત્યાં પહોંચી હતી.

ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમ દ્વારા આ બે માળના ૧૦થી વધુ મકાનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. હાઈડ્રોલિક પ્લેટફોર્મ (સીડી) વડે ફ્લેટમાં ઘરમાં ફસાયેલા લોકોને બારી અને બારણા બંનેમાંથી ધીમે ધીમે નીચે ઉતારવામાં આવ્યા હતા. કુલ ૧૬ જેટલા લોકો અને ફાયર બ્રિગેડની ટીમે ધીરે ધીરે સીડી વડે નીચે ઉતાર્યા હતા. આ ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ઘટનાની જાણ થતા એલિસબ્રિજના ધારાસભ્ય અને શહેર પ્રમુખ અમિત શાહ અને પાલડી વોર્ડના કોર્પોરેટરો પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

## અમદાવાદની રથયાત્રામાં દૂરથી દર્શન કરવા અપીલ

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

આગામી ૭ જુલાઈએ ભગવાન જગન્નાથની ૧૪૭મી રથયાત્રા યોજાશે. આજે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ પત્રકાર પરિષદ કરી હતી. ઉત્તરપ્રદેશના હાથરસની ઘટનાને લઈ અમદાવાદની રથયાત્રામાં ભાગદોડ ન થાય તેના માટે મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ લોકોને અપીલ કરી હતી કે, ભગવાનના દર્શન લોકો દૂરથી કરે. દર્શન માટે ધક્કામૂકી કરે નહીં.દરેક લોકો ભગવાનના દર્શન રથની નજીકથી જ કરે તે જરૂરી નથી. દૂરથી ભગવાનના દર્શન કરી શકાય છે. જગન્નાથ મંદિરની વેબસાઈટ WWW.JAGANNATHJI AHD. ORG ઉપર ઓનલાઈન દર્શન થઈ શકશે. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથ નગરચર્ચાએ નીકળશે. રથયાત્રામાં ૧૮ ગજરાજ, ૧૦૧ ટ્રકમાં વિવિધ સાંસ્કૃતિક ઝાંખીઓ, અંગ કસરતના ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ સાથે ત્રણ બેન્ડવાજાવાળા રહેશે. ૧૦૦૦થી ૧૨૦૦ જેટલાં ખલાસી ભાઈઓ રથ ખેંચશે.

જમાલપુર જગન્નાથ મંદિરમાં પ્રાંગણમાં કોઈ દુર્ઘટના થાય તો ૧ કરોડનો વીમો પણ લેવાયો છે.રથયાત્રામાં ભાગ લેવા માટે ૨૦૦૦ જેટલાં સાધુ-સંતો હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથ પુરી તથા સૌરાષ્ટ્રમાંથી આવશે. રથયાત્રામાં ૩૦ હજાર કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ, ૫૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમની પ્રસાદી થશે. ૫ જુલાઈએ અમાસના દિવસે ભગવાન સરસપુર મામાના ઘરેથી નિજ મંદિર પરત ફરશે. મંદિરે પરત ફર્યા બાદ ભગવાનની વહેલી સવારે નેત્રોત્સવ વિધિ કરવામાં આવશે. મંદિરના ધ્વજારોહણ કરવામાં આવશે. દેશના વિવિધ રાજ્યો અને ગુજરાતમાં વિવિધ શહેરોમાંથી આવેલા સાધુ-સંતોનો ભંડારો યોજાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨